


# બાળકોના રંગલાલા



ભાગ-૯

લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય








# બાળકોના રંગદાદા
## ભાગ-૯


પ્રકાશક : શ્રીપ્રેમજયંતી સમિતિ, અમદાવાદ.
મો: ૯૮૨૪૫૦૪૨૦૬

ગ્રાફિક્સ : શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાય
"રાહ-રંગપ્રેમની"
મો: ૯૬૮૭૬૬૧૧૧૪

મુદ્રક : અજય ઓફસેટ
બારડોલપુરા, અમદાવાદ.

આવૃત્તિ : ચોથી
૧૨૫મી રંગજયંતી
કારતક સુદ નોમ, સં. ૨૦૭૯
તા. ૨-૧૧-૨૦૨૨

પ્રત : ૨૫૦

# ❁ આશીર્વચન ❁

દરેક ભાષામાં બાળસાહિત્યનું મહત્ત્વ સ્વીકારાયું છે. પહેલાના સમયમાં દાદા-દાદીના ખોળામાં માથું મૂકીને સૂતેલા બાળકને દાદા-દાદી દ્વારા વાર્તા સાંભળવાની મળતી. હું પાંચ વર્ષની ઉંમરનો હતો ત્યારે મારા માતુશ્રીના ખોળામાં સૂતા સૂતા તેમના મુખેથી ભક્ત ધ્રુવની વાર્તા સાંભળતો. એના ફળ સ્વરૂપે 'બાળકોના રંગદાદા'નું બાળ સાહિત્ય પ્રાપ્ત થયું છે એવું મને લાગે છે. હવે આવા ભાગ્યશાળી પરિવારોની સંખ્યા ઓછી જોવા મળે છે. નાની ઉંમરના બાળકોને પૂ. બાપજીની વાતો કહીને એમનામાં પૂ.શ્રીની ભક્તિના અમી ઘૂંટડા પાવાનું કામ પરિવારમાં સભાનપણે થવું જોઇએ. પૂ.શ્રીની ભક્તિનો વિસ્તાર વધે અને એ ભક્તિનો વારસો પરિવારમાં જળવાઇ રહે એ આશયથી 'બાળકોના રંગદાદા' પુસ્તક શ્રેણીનું આયોજન થયું છે. એ શ્રેણીમાં આઠ પુસ્તકો તો પ્રકાશિત થઇ પણ ગયા છે.

બાળકોને વાંચવાનું ગમે અને છતાં જાણતાં-અજાણતાં એના મનમાં સંસ્કારો દૃઢ થતા જાય એ રીતે તૈયાર થતું લખાણ પ્રશંસનીય છે, અનુકરણીય છે.

'બાળકોના રંગદાદા' ભાગ-૯ને હું આવકારું છું અને પ.પૂ. સદ્ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજને પ્રાર્થના કરું છું કે આવું બાળ સાહિત્ય શ્રી કુલીનભાઇ વધુ ને વધુ પરિવારના બાળકોને પીરસતા રહે.

આપણે બાળકોને સાચવીશું તો બાળકો આપણને સાચવશે. બાળપણ એ ભગવાનની ભેટ છે. આ કીમતી ભેટનું આપણે જતન કરીએ અને આવા વધુ પુસ્તકોનું નિર્માણ કરીએ.

લિ.

કોઠિયાખાડ, ॐ

તા. ૧૩-૩-૨૦૦૭ **પ્રેમ**

# આવકાર

ધરતીની કવિતા નારી છે અને ઘરનું ગુંજતું ગીત એ સંતાનો છે. આ સંતાનોને મા-બાપની શિખામણની જરૂર નથી, એના સંસ્કારોની જરૂર છે. મા-બાપ તરીકે જે પ્રકારના સંસ્કારો બાળકોમાં ખીલવવા હોય એ પ્રકારનું જીવન તમારે જીવવું જોઈએ. આ સંદર્ભમાં બાળકોનું જીવન મહેંકતું બનાવવા માટે ખૂબ કાળજી લેવી પડે છે.

સારું સારું વાંચવું અને બાળકોને વાંચવા આપવું એ બંને જરૂરી છે. 'બાળકોના રંગદાદા' એ પુસ્તક શ્રેણી આ બંને હેતુ સિદ્ધ કરે છે. નાના બાળકો આ પુસ્તકો વાંચે એ મુખ્ય હેતુ છે પણ એના માતા-પિતા પણ આ પુસ્તક વાંચશે તો એમને પણ ઘણું જાણવા મળશે.

પૂ.શ્રીના જીવનની વિગતો, એમની સમર્થતાના અને લીલાના પ્રસંગો ઝીણવટથી અને માવજતપૂર્વક મૂકાયા છે. નાની ઉંમરથી બાળકોને આવું વાંચન મળતું રહે એ જરૂરી છે અને પૂ.બાપજીની આપણા પર અસીમ કૃપા છે કે આવું વાંચન મળે છે.

બાળકોના રંગદાદા ભાગ-૯ને આવકારતા હું આનંદ અનુભવું છું અને મને આવકાર લખી આપવાનું આમંત્રણ મળ્યું એને આવકારું છું અને આભાર માનું છું.

પૂ.પ્રેમ અવધૂતજી મુ. કુલીનભાઈના જીવનનું ચાલકબળ છે એવું એમણે જણાવ્યું છે. આ ચાલકબળ અમોઘબળ છે અને કુલીનભાઈ પાસેથી નવું નવું કામ લેતા રહે એવી શ્રી રંગ ગુરુમહારાજના ચરણોમાં પ્રાર્થના.

**ડૉ. ઈન્દુભાઈ દવે**

શ્રીરંગ હોસ્પિટલ
મેડીકેર, અમદાવાદ- ૩૮૦ ૦૦૬.
તા. ૧૩-૩-૨૦૦૭

# ❁ લેખકનું નિવેદન ❁

જયારે બાળકોનું મન કોરી સ્લેટ જેવું હોય ત્યારે જ આપણે એના ઉપર સંસ્કારી વાતોનું રેખાંકન કરી દઈએ તો સારું. `કુમળા છોડને વાળીએ તેમ વળે' એ ન્યાયે નાના બાળકોને પૂ.શ્રી વિશેની વાતો જાણવા મળે તો સારું એવા વિચારમાંથી આ પુસ્તિકાનું પ્રકાશન થઈ રહ્યું છે.

મારા પુત્ર હર્ષલની નિર્જરીને આ સંસ્કારોથી મઢવાની વૃત્તિથી વાતો કરતાં કરતાં આવી પુસ્તિકાની શ્રેણી રચવાની ઈચ્છા જાગી. એમાં `બાળકોના મોટા' એવી પુસ્તિકા હાથમાં આવી. શ્રી મુકુલ કલાર્થીની આ પુસ્તિકાની વાત શ્રી સુભાષભાઈ દવેને કરી તો એમણે મને પ્રોત્સાહિત કર્યો કે રંગ પરિવારના મુકુલભાઈ તમે બનો. એમનો વિશ્વાસ ગુરુ મહારાજની કૃપાથી સાચો ઠર્યો છે એટલે એ વિશ્વાસ જગાવનારના ઋણ સ્વીકારરૂપે એમનું સ્મરણ કરું અને આભાર માનું એ ઉચિત જ છે.

આવકાર લખી આપવા બદલ સ્નેહી શ્રી ડૉ. ઈન્દુભાઈ દવેનો હું ઋણી છું. પ્રૂફ તપાસવા માટે તેમજ જોડણી શુદ્ધિ માટે મારા ધર્મપત્ની સૌ. અંજનીનો હું આભારી છું. તેમજ આ પુસ્તિકાના ટાઈટલ પેજ નં-૩ અને નં-૪નું લખાણ તૈયાર કરવામાં મદદ કરવા બદલ મારા મોટાભાઈ ડૉ.મુ.શ્રી દિનેશભાઈનો આભારી છું.

ભાગ-૯થી પાને પાને સુવાક્ય મુકયા છે. આશા છે કે વાચકોને ગમશે.

પૂ. પ્રેમ અવધૂતજીનો આભાર માની હું અંગતપણાનો ભાવ ક્ષીણ થવા નહિ દઉં. એ પ્રેરકબળ પણ છે અને ચાલકબળ પણ છે. પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના ચરણોમાં અનેકાનેક વંદન અને પૂ. પ્રેમ અવધૂતજીને સાદર વંદન હો!

નોયડા
તા. ૧૨-૩-૨૦૦૭
(૦૧૨૦- ૪૩૨૭૬૮૯)

લિ.
**કુલીન ઉપાધ્યાય**

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ।
ૐ શ્રી વાસુદેવાનંદાય નમઃ।
ૐ શ્રી રંગાવધૂતાય નમઃ।

વિદ્યાવદાતં કરુણાવતારં
દત્તાર્તધૈર્યં નતતાપહારમ્।
વેદાન્તસિદ્ધાન્તમુપાશ્રયન્તં
રંગાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્॥

# બાળકોના રંગદાદા

## (૧)

## ❁ દ-દ-દની વાત ❁

પૂ.શ્રી ગોધરામાં હતા.
એક વાર ગંભીર માંદગીમાં સપડાયા.
એમ લાગ્યું કે હવે શરીર છૂટી જશે.
પોતાની માતાને તથા નાનાભાઈને રૂમની બહાર જવા કહ્યું. બારણું બંધ થયું.
થોડી વાર પ્રભુ સાથે નાતો બંધાયો.
થોડી સ્ફૂર્તિ આવી. સારું લાગ્યું.
પૂ.માજીને તથા નાનાભાઈ નારાયણને અંદર આવવા કહ્યું. નારાયણ પાસે કાગળ-પેન માંગ્યા.
અને મનમાં જાગેલા ભાગને '**દત્તાષ્ટક**' રૂપે રજુ કર્યું.
આ દત્તાષ્ટકમાં દત્ત શબ્દના દ અને ત્ત અક્ષરની સમજ આપતું એક ચરણ છે:

દયા, દાન, અરુ દમન હૈ દદ્દાકા યહ ભેદ;
તત્તા વિષયાધ્યાસ હૈ તાકો તૂં કર ભેદ.

**બાળકો એ ધરતી પરના જીવંત પુષ્પો છે.**

આ `દ' શબ્દ દ્વારા દયા, દાન અને દમનનું સૂચન છે.
આ અંગે એક પૌરાણિક વાર્તા છે.

એક વાર દેવો, મનુષ્યો અને અસુરો બ્રહ્માજી પાસે ગયા.

ત્રણે જણા પોતાના પિતા પાસે શિષ્યભાવે ગયા.

તેઓ વિદ્યાભ્યાસ માટે ગયા.

દેવો, દાનવો અને મનુષ્યો ત્રણેય બ્રહ્મચર્યનું પાલન કરે છે. સેવા કરે છે. વિદ્યાભ્યાસ કરે છે.

સેવા અને વિદ્યાભ્યાસ કર્યા પછી એક દિવસ દેવોએ પ્રજાપિતા બ્રહ્માજીને કહ્યું: `અમને ઉપદેશ કરો.'

પ્રજાપિતાએ ઉપદેશમાં ફકત `**દ**' એવો એક જ અક્ષર કહ્યો. ઉપદેશ સાંભળીને દેવોએ ચાલવા માંડ્યું.

બ્રહ્માજીએ કહ્યું: `ઊભા રહો. તમે શું ઉપદેશ સમજ્યા?'

દેવોએ કહ્યું: અમે દેવો ભોગ વિલાસમાં રહીએ છીએ એટલે આપે `**દ**' દ્વારા ઈન્દ્રિયનું દમન કરો એવો ઉપદેશ આપ્યો છે.

બ્રહ્માજીએ કહ્યું: "તમે સાચું સમજ્યા છો. હવે ઈન્દ્રિય ઉપર સંયમ રાખજો- દમન કરજો."

ત્યાર પછી એક દિવસ મનુષ્યોએ બ્રહ્માજીને કહ્યું કે "અમને ઉપદેશ કરો."

**બાળક માટે પ્રેમ હોય તો બધું શક્ય બને.**

તો બ્રહ્માજીએ એમને પણ ઉપદેશમાં `**દ**' જ કહ્યો.
મનુષ્યો જવા લાગ્યા ત્યારે બ્રહ્માજીએ પૂછ્યું: `તમે શું સમજ્યા?' મનુષ્યોએ કહ્યું: "અમે મનુષ્યો લોભી છીએ એટલે આપે `**દ**' દ્વારા અમને દાન કરવાનો ઉપદેશ કર્યો છે."
બ્રહ્માજીએ કહ્યું: "તમે સાચું સમજ્યા છો. હવે જાવ અને દાન કરજો."
છેલ્લે અસુરો-દાનવો ગયા તો એમને પણ બ્રહ્માજીએ ઉપદેશમાં `**દ**' એવો એક અક્ષર જ કહ્યો.
અસુરો જવા લાગ્યા. બ્રહ્માજીએ કહ્યું: `ઊભા રહો. તમે શું સમજ્યા?' દાનવો બોલ્યા: "અમે દાનવો સ્વભાવથી હિંસા-પરાયણ છીએ એટલે આપે `**દ**' દ્વારા અમને પ્રાણીમાત્ર ઉપર દયાભાવ રાખવાનો ઉપદેશ કર્યો છે."
બ્રહ્માજીએ કહ્યું: "તમે સાચું સમજ્યા છો. હવે જાવ અને એ રીતે બધા પર દયાભાવ રાખીને જીવજો."
આમ એક જ અક્ષર `**દ**'નો ઉપદેશ હતો.
દરેકે પોતાની રીતે એનો અર્થ કર્યો જે સાચો હતો.
આમ દત્ત શબ્દના `**દ**' દ્વારા દયા, દાન અને દમન ત્રણેનો બોધ કરવામાં આવ્યો છે.

●

**બાળકોના ત્રણ ગુરુ: સૂર્ય, તારા અને વૃક્ષો.**

## (૨)

## ❁ સંસ્કૃત પ્રેમ-સંસ્કૃતી પ્રેમ ❁

અમદાવાદ શહેરની એક સ્કૂલ.

નામ આદર્શ વિનય મંદિર.

પાંડુરંગ વળામે (રંગદાદા) સંસ્કૃતના શિક્ષક તરીકેની નોકરી કરે.

એમના એક વિદ્યાર્થી. નામ છોટુભાઇ ડી. શાહ.

એ વખતે સ્કૂલમાં સંસ્કૃત અને પર્શીયન બે પૈકી એક વિષય વિદ્યાર્થીએ પસંદ કરવાનો રહેતો.

હિંદુને તો સંસ્કૃત તરફ જ સદ્ભાવ હોય પણ સંસ્કૃતનું વ્યાકરણ અઘરું પડે.

પર્શીયન સરળ અને એમાં માર્ક વધુ આવે.

વધુ માર્કના લોભે છોટુભાઇએ અને એના મિત્રોએ પર્શીયન રાખ્યું.

પાંડુરંગ વળામે (રંગદાદા)ને આ વાતની ખબર પડી.

એમને આ ના ગમ્યું.

વ્યાકરણ અઘરું હોય એટલે સંસ્કૃત છોડી દેવાનું?

અઘરું હોય તો વધારે મહેનત કરવાની હોય.

આપણા શાસ્ત્રો જાણવા સંસ્કૃતનું જ્ઞાન જરૂરી છે.

**શાબાશી, પ્રશંસા અને પ્રોત્સાહનથી બાળક પાંગરે છે.**

આપણી સંસ્કૃતિને આપણે જાળવવી જોઈએ.
પાંડુરંગ વળામેને એક દિવસ છોટુભાઈ મળી ગયા.
સાથે મિત્રો પણ હતા.
વળામે સાહેબે પૂછ્યું: "છોટુભાઈ! તમે કયો વિષય રાખ્યો?"
છોટુભાઈએ કહ્યું: "પર્શીયન."
વળામે સાહેબે પૂછ્યું: "કેમ પર્શીયન?"
છોટુભાઈએ સાચું કહી દીધું.
"માર્કસ વધારે આવે એટલે."
વળામે સાહેબે પૂછ્યું: "મોટા થઈને તમે શ્રીમદ્ ભગવદ્ ગીતા વાંચશો કે કુરાન?"
આ પ્રશ્ન બધાને સ્પર્શી ગયો.
એમને એમની ભૂલ સમજાઈ.
વિદ્યાર્થીઓએ પર્શીયન છોડીને સંસ્કૃત રાખ્યું.
આવો હતો પાંડુરંગ-રંગદાદા-નો સંસ્કૃત પ્રેમ અને સંસ્કૃતિ પ્રેમ.

●

**દૂધ અને પ્રશંસાથી બાળક મોટું થાય છે.**

## (૩)

## ગુરુકૃપાહિ કેવલમ્ ।

છોટુભાઈ ડી. શાહ એનું નામ.

અમદાવાદમાં રહે.

મોડેલ હાઈસ્કૂલ- આદર્શ વિનય મંદિરમાં ભણે.

આ જ સ્કૂલમાં રંગદાદા શિક્ષકની નોકરી કરે.

ત્યારનું નામ પાંડુરંગ વળામે. સંસ્કૃત વિષય ભણાવે.

આમ છોટુભાઈ શાહ એમના વિદ્યાર્થી.

આ છોટુભાઈ ૧૯૨૪ની સાલમાં વેપાર માટે સિંગાપોર ગયા.

ત્યાં એક ભાઈ મળ્યા.

આ ભાઈ અમૃતલાલ મોદી- મોદીકાકાના સંબંધી થાય.

એ રંગ અવધૂત મહારાજની વાત કરે.

છોટુભાઈને થયું: જેને આ ભાઈ રંગ અવધૂત મહારાજ કહે છે તે મારા શિક્ષક પાંડુરંગ વળામે જ હોવા જોઈએ.

છોટુભાઈએ પત્ર વ્યવહાર શરૂ કર્યો.

ભારત આવે એટલે અચૂક નારેશ્વર જાય અને દર્શન કરી આશીર્વાદ મેળવે.

છોટુભાઈ વેપાર કરે.

**મોટેરાં કરતાં બાળકોમાં સ્વમાનની લાગણી તીવ્ર હોય છે.**

વેપારમાં ભારે નુકસાન વેઠવું પડ્યું.
માણસ નાસીપાસ થઇ જાય એવું બન્યું.
છોટુભાઇ નિરાશ થયા.
આવું બનવાનું છે એવું જાણીને પહેલેથી જ અવધૂતજીએ એમની પાસે બે અનુષ્ઠાન કરાવેલા.
અનુષ્ઠાનથી મન મજબૂત બને.
મન શાંત રહે અને યોગ્ય નિર્ણય લઇ શકે.
દૈવી મદદ પણ મળે.
પૂ.શ્રીએ નિરાશ થયેલા છોટુભાઇને કહ્યું: "અરે છોટુભાઇ! આ તો વેપાર છે. વેપારમાં તો લાખ જાય પણ ખરા અને બે લાખ આવે પણ ખરા."
અને ખરેખર બન્યું પણ એવું જ.
અવધૂતજીના આશીર્વાદથી થયેલા નુકસાન કરતાં અનેકગણું કમાયા. છોટુભાઇની જાહોજલાલી વધી ગઇ.
પછી એ મુંબઇમાં સ્થિર થયા.
મુ. કનૈયાલાલ વાણી સાથે પૂ.શ્રી ગાણગાપુર ગયા ત્યારે પૂ.શ્રી મુંબઇમાં છોટુભાઇને ત્યાં રોકાયેલા.
છોટુભાઇ પણ પૂ.શ્રી સાથે ગાણગાપુર ગયેલા.
ગુરુકૃપા હિ કેવલમ્‌નો અનુભવ થયો.

●

**બાળકોને પણ આબરુ હોય છે.**

(૪)

## ❁ ગોવિંદ પાસે એકડો ઘૂંટ્યો ❁

વડોદરા જિલ્લાનું પોર ગામ.
એમાં બળિયાદેવનું મંદિર.
આ મંદિરને કારણે આ ગામ ઘણું પ્રખ્યાત.
એમાં ગોવિંદભાઇ ઉપાધ્યાય નામના ભકત રહે.
મીંઢોળના પ્રભાશંકરભાઈ ગોર એમના મામા થાય.
પૂ.શ્રીના અનન્ય ભકત.
એક વાર પૂ.શ્રીનો મુકામ મીંઢોળમાં.
તે સમયે ગોવિંદભાઈ ખૂબ નાના.
મામાના ઘરે સંત આવવાના છે એમ જાણીને ગોવિંદભાઈ તો ગયા મામાને ઘેર.
સંત આવે એટલે બધું ઝાકઝમાળ હોય અને લાડુપાણી હોય એવી ભાણાભાઈની ધારણા.
પણ આ ધારણા ખોટી પડી.
ગોવિંદભાઈ તો નિરાશ થયા.
પૂ.શ્રીને નાના બાળકો ખૂબ ગમે.
એવી વાતો કરે કે બાળક પણ રાજી રાજી થઈ જાય અને તે પછી બાપજીનો જ થઈ જાય.

**બાળકો મશ્કરીથી કરમાઈ જાય છે.**

નાના ગોવિંદભાઇ તો નિર્દોષ.

પૂ.બાપજીએ એમને કહ્યું: "જો ગોવિંદ! તને તો સો (Hundred 100) સુધી આવડે છેને! મને તો એટલું પણ નથી આવડતું. હું તો દુનિયાના આંક શીખ્યો નહિ એટલે બાવો બનવું પડ્યું."

પછી કહ્યું: "તું મને એકડો લખતા શીખવીશ? હવે આવે ત્યારે મારે માટે સ્લેટ પેન લાવીશ?"

ગોવિંદભાઇ તો ખુશ ખુશ થઇ ગયા.

આટલા મોટા થયા ને એકડો લખતા નથી આવડતું?

સ્લેટ અને પેન લઇને એ તો પહોંચ્યા પૂ.શ્રી પાસે.

પૂ.શ્રી પણ નાટક કરવામાં એક નંબર.

ગોવિંદભાઇએ સ્લેટ ઉપર એકડો (One - 1) કાઢ્યો.

પછી બાપજીને એકડો ઘૂંટવા કહ્યું.

હાથમાં પેન આપી. બાપજીનો હાથ પકડ્યો.

અને કહ્યું કે આ લખેલા એકડા ઉપર પાછો એકડો કરો. એકડો ઘૂંટો.

ગોવિંદભાઇ હાથ પકડીને એકડો ઘૂંટાવવા જાય પણ પૂ.શ્રી તો હાથ આડો અવળો કરી બધું બગાડી મૂકે.

નાના ગોવિંદભાઇને શું ખબર કે આ કાંઇ સામાન્ય બાવો નથી.

**બાળક એક જ્યોત છે જે વડીલે પેટાવવાની હોય છે.**

ગોવિંદભાઈ ખીજવાયા.

આટલા મોટા થઈને એકડો ઘૂંટતા નથી આવડતો?

પણ એટલામાં મામા આવી પહોંચ્યા.

ગોવિંદભાઈને વઢ્યા.

આ શું કરે છે? બાપજી તો ખૂબ ભણેલા છે.

નાના બાળકને ભવિષ્ય માટે તૈયાર કરતા હશે?

ગોવિંદભાઈનું જીવન ઘડતા હશે?

બધાને ભણાવનારને, બધાને એકડો ઘૂંટાવનારને ગોવિંદભાઈએ એકડો ઘૂંટાવ્યો એ કેવું સદ્ભાગ્ય?

ગોવિંદભાઈએ પૂ.શ્રીનો હાથ પકડ્યો તો પૂ.શ્રીએ ગોવિંદભાઈને છેવટ સુધી હાથમાં ને હાથમાં રાખ્યા.

આ ગોવિંદભાઈ એટલે શ્રીરંગલીલામૃતના રચયિતા શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાય- (બાળ).

●

**બાળક એ વાસણ નથી કે જેને ભરી કાઢીએ.**

# (૫)

## ❁ દૃષ્ટિ માત્રે દર્દ ગયું ❁

વડોદરા જિલ્લાનો સિનોર તાલુકો.
આ તાલુકામાં મીંઢોળ નામે ગામ.
પ્રભાશંકર ગોરકાકાનું ગામ.
સૌ પ્રથમ પૂ.શ્રી ૧૯૩૨-૩૩માં મીંઢોળ ગામ આવેલા.
આ ગામના પ્રભાશંકરભાઈની વિનંતિને કારણે જ પૂ.શ્રીની પાદુકાનું પૂજન શરૂ થયું હતું.
પૂ.શ્રી એક વાર મીંઢોળ પધાર્યા.
ગામમાં સ્વામીનારાયણ ધર્મ પાળનારા ભક્તો, છતાં પૂ.શ્રી પ્રત્યે પણ ખૂબ ભાવ.
પૂ.શ્રી પ્રભાશંકરભાઈના ઘરે ભિક્ષા લેવા જાય.
એ ગામમાં સ્વામીનારાયણના એક ભકત ખૂબ માંદા.
નામ એનું છીતાભાઇ ઈશ્વરભાઈ પટેલ.
મરણતોલ સ્થિતિ.
મૃત્યુની વાટ જોતા હોય એવું લાગે.
પ્રભાશંકરભાઈએ પૂ.શ્રીને છીતાભાઈની માંદગીની વાત કરી.

**બાળકોને તમારા પ્રેમની જરૂર છે, કલ્પનાઓની નહિ.**

પોતાની ચિંતા વ્યક્ત કરી અને પ્રાર્થના કરી.

પૂ.શ્રીએ કહ્યું "અવધૂતનો મુકામ હોય ત્યાં યમદૂતની આવવાની તાકાત નથી."

આમ બોલીને પછી પૂ.શ્રી પ્રભાશંકરભાઇ સાથે ભિક્ષા માટે નીકળ્યા.

પૂ.શ્રી અને પ્રભાશંકરભાઇ ભિક્ષા માટે જતા હતા ત્યારે છીતાભાઇને ઓટલા પર લાવીને સૂવાડી રાખેલા.

પ્રભાશંકરભાઇએ પૂ.શ્રીનું છીતાભાઇ તરફ ધ્યાન દોર્યું.

પૂ.શ્રીએ છીતાભાઇ ઉપર અમૃતભરી દૃષ્ટિ ફેંકી.

મનમાં સંકલ્પ કર્યો હશે.

અને સંતનો સંકલ્પ નિષ્ફળ શાનો જાય?

છીતાભાઇની બીમારી દૂર થઇ.

છીતાભાઇ સ્વસ્થ થયા અને ત્યાર પછી અનેક વર્ષો જીવ્યા.

દૃષ્ટિમાત્રથી છીતાભાઇની બીમારી હરી લીધી.

●

**બાળકોને તમારા જેવા કરવા ફાંફાં મારશો નહિ.**

(૬)

## ❁ કાયમનો યમ ભય ગયો ❁

નારેશ્વર પાસે સાયર નામે ગામ.
એમાં એક મુસલમાન રહે.
કાયમભાઈ એનું નામ.
બાવા ગોરેની સેવા કરે.
એની સેવામાં હતાં ત્યાં આદેશ થયોઃ "નારેશ્વરના ઓલિયાની સેવામાં જા."
પૂ.શ્રીના દર્શને ગયા અને પૂ.શ્રીના થઈ ગયા.
મુસલમાન હતા છતાં માંસ-મટનની ટેવ નહિ.
ધૂમાડો ફૂંકવાની ટેવ નહિ.
ગાંજો-ચરસનો ચસકો નહિ.
નર્મદામાં સ્નાન કરી સ્વચ્છ કપડાં પહેરીને પૂ.શ્રી પાસે જાય.
સ્થાનની સાફસૂફી કરે. ઝાડપાનને પાણી પાય.
પૂ.શ્રીની ટપાલો લઈ આવે.
એક વાર મળસ્કે ઊઠીને કાયમભાઈ વાડામાં ગયા.
અજાણતામાં સાપ ઉપર પગ પડ્યો એટલે સાપે ડંખ દીધો.

**બાળકો એ રાષ્ટ્રનું સુકાન છે.**

ઝેરીલો સાપ.
કાયમભાઇએ ચીસાચીસ કરી મૂકી.
લોકો ભેગા થઇ ગયા.
શરીરમાં ઝેર ચઢવા લાગ્યું. આંખો ઘેરાવા લાગી.
ઝેર ચઢતું હોય તેને તો ઉંઘવા દેવાય જ નહિ.
કાયમભાઇ ધીમે ધીમે ભાન ગુમાવતા જતા હતા.
અર્ધભાનમાં એ બોલી ઊઠ્યા: "મને નારેશ્વર ઓલિયા પાસે લઇ જાઓ."
ઝોળીમાં નાંખીને લોકો નારેશ્વર લઇ આવ્યા.
પૂ.શ્રીને વાત કરી.
પૂ.શ્રીએ પોતાના કમંડલમાંથી જળ લઇને કાયમભાઇ ઉપર છાંટ્યું.
કાયમભાઇને ભાનમાં લાવ્યા.
પછી જળ અભિમંત્રિત કરીને પૂ.શ્રીએ આપ્યું.
કાયમભાઇ એ જળ પી ગયા.
જળ પીતાની સાથે જ ધીરે ધીરે ઝેર ઉતરવા લાગ્યું.
કાયમભાઇને દ્વારે આવીને ઊભેલા યમરાજ નિરાશ થઇને પાછા ગયા. યમનો ભય ગયો.
હજી આજે પણ કાયમભાઇ પૂ.શ્રીના ગુણગાન ગાતા ગાતા થાકતા નથી.

**તારું સ્વર્ગ તારી માતાના ચરણોમાં છે.**

કાયમભાઇના અલ્લાહ, અકબર જે કહો તે પૂ.શ્રી જ. મુસલમાન હોવા છતાં હિંદુના જેવું જ જીવન ગાળે છે.

●

## (૭)

## ❁ સંતનો સત્સંકલ્પ ❁

ધર્મ અને વિજ્ઞાન બંને સંકલ્પ બળનું મહત્ત્વ સ્વીકારે છે. મન જ સૃષ્ટિનું સર્જન કરે છે માટે મન વિશુદ્ધ રાખો. સારા વિચાર કરો. સારા સંકલ્પ કરો.

Power of Subconscious Mindના નામથી મનોવિજ્ઞાન અર્ધજાગ્રત મનનું મહત્ત્વ સમજાવે છે.

ધર્મ ચિત્તનું સ્વરૂપ સમજાવી એનું મહત્ત્વ સમજાવે છે. સંતપુરુષનું અર્ધજાગૃત મન-ચિત્ત સત્સંકલ્પોવાળું હોય છે અને તે સંકલ્પ પ્રમાણે બધું બનતું હોય છે.

સને ૧૯૩૦નું વર્ષ.

અમદાવાદમાં એક ડૉક્ટર રહે.

નામ એનું કનૈયાલાલ વાણી.

ડૉક્ટર તરીકે કીર્તિ પામેલા. પ્રામાણિક અને પરગજુ. એમની પત્નીના પગે તકલીફ થઇ.

**માતાનું હૃદય એ જ બાળકની શાળા છે.**

પત્નીના પગના જોઇન્ટે ટી.બી (ક્ષય) રોગ થયેલો.
પોતે જ ડૉક્ટર એટલે ઉપચાર કરવામાં કચાસ ન રાખે.
આ રોગની ભયાનકતા પણ જાણે એટલે મનમાં ચિંતા પણ ઘણી રહે.
દવા કરવા છતાં ઝાઝો ફેર ના પડ્યો.
દાક્તરે સલાહ આપી કે પગ કપાવી નાંખો.
સલાહ સાચી હતી પણ આકરી હતી.
અપંગ પત્નીની કલ્પના જ ધ્રૂજાવી જાય.
શું કરવું એની મૂંઝવણ હતી.
એ દરમ્યાન પૂ.શ્રી અમદાવાદ આવ્યા.
સરખેજમાં મુકામ.
મુકામ પૂ.શ્રીના ભક્ત ચુનીભાઇની જામફળની વાડીમાં.
આ ચુનીભાઇ ડૉ. કનૈયાલાલ વાણીને ઓળખે.
ભગવાન કેવી રીતે કામ કરે છે તે જાણવા જેવું છે.
આ ચુનીભાઇએ ડૉ. વાણીને વાત કરી.
એમણે કહ્યું કે અમારી વાડીમાં એક સારા સંત પધાર્યા છે. આપ દર્શન કરવા આવો.
ડૉક્ટર તો પોતાની પત્નીને લઇ ઉપડયા દર્શને.
જામફળીમાં ગયા અને સંતને પગે પડ્યા.

એમના પત્નીના પગ તરફ જોઇને પૂ.શ્રીએ પૂછ્યું કે `આ શું થયું છે?' વાણી ડૉક્ટરે બધી વાત કરી.
કરેલા ઉપચારોની માહિતિ પણ આપી.
ડૉક્ટર પગ કપાવવાનું કહે છે એ વાત પણ કરી.
રંગદાદાએ આંખ બંધ કરી.
વિચારમાં ડૂબી ગયા.
થોડીવાર કશું જ બોલ્યા નહિ.
પછી કહ્યું કે પગ કપાવશો નહિ. ઉપચાર કરો.
છ માસમાં પગ સારો થઇ જશે.
ડૉક્ટર વાણીને થયું કે શાંતિ પમાડે તે સંત.
દુ:ખમાં સાથ આપે તે ઇશ્વર.
એમણે દાક્તરની સલાહ અવગણી.
ઉપચારો પાછા શરૂ કર્યા.
ભગવાન પર ભરોસો રાખીને અને સંતમાં શ્રદ્ધા રાખીને દવા ચાલુ રાખી.
સંતનો સત્સંકલ્પ ફળ્યો.
છ મહિનામાં પગ સારો થઇ ગયો.
પગ કપાવવાનું ટળી ગયું.
સાચા સંતની સંકલ્પશક્તિ ગજબની હોય છે.

●

**સૂર્ય એ પૃથ્વીની માતા છે. તેને ગરમીનું પોષણ આપે છે.**

# (૮)

## ❁ ઇચ્છાશંકરની ઇચ્છા પૂરી કરી ❁

સરખેજને બાપજી પોતાનું પિયર કહે.
આ સરખેજના રતનલાલ ત્રિપાઠી-મહાત્મા-એ પૂ.શ્રીને નારેશ્વરની જગા બતાવેલી.
આ સરખેજમાં પૂ.શ્રીના એક ભક્ત રહે.
નામ એનું ઇચ્છાશંકર.
પૂ.શ્રીનો અમદાવાદમાં મુકામ.
મુકામ શ્રીચુનીભાઇને ત્યાં માંડવીની પોળમાં.
દર્શનાર્થીઓનો ભારે ધસારો.
ત્યાં કોકે પૂ.શ્રીને સમાચાર આપ્યા કે "બાપજી! ઇચ્છાશંકરની સ્થિતિ ખૂબ ગંભીર છે અને આપના દર્શન ઝંખે છે."
અવધૂત તો ભક્તવત્સલ.
ભક્તનો આર્તપુકાર સાંભળીને દોડનારા સંત.
એમણે ઇચ્છાશંકરની ઇચ્છા પૂરી કરવાનો નિર્ણય કર્યો.
સરખેજ જવાનું નક્કી થયું.
સરખેજના શ્રી જગન્નાથભાઇ ત્રિપાઠી સાથે હતા.
એમણે તપાસ કરી.

**ધરતી એ વૃક્ષોની અને ફૂલોની માતા છે.**

તપાસ કરીને પછી પૂ.શ્રીને કહ્યું: "બાપજી! અંતઘડીનો દીવો થઇ ગયો છે અને બધા ભગવદ્ સ્મરણ કરે છે. આપણે જશું એ પહેલા તો ડોસા કદાચ ખલાસ પણ થઇ જશે."

પરંતુ બાપજીએ તો તરત જ કહી દીધું કે આપણે ત્યાં જવાના અને ડોસાને કાંઇ થવાનું નથી.

પૂ.શ્રી અને જગન્નાથભાઇ તો સરખેજ પહોંચી ગયા.

ઇચ્છાશંકરભાઇને ત્યાં ગયા.

ઇચ્છાશંકરભાઇની પથારી પાસે જ પૂ.શ્રીની ખુરશી મુકાઇ.

ડોસાના દીકરા દેવદત્તે કાનમાં મોટેથી કહ્યું: "બાપાજી! બાપજી પધાર્યા છે."

બાપજીની હાજરીમાં બોલાયેલા આ શબ્દોએ અમૃત સંજીવનીનું કામ કર્યું.

ડોસાએ આંખો ખોલી. (હાથ જોડી પગે લાગ્યા.)

બેઠા તો ન થઇ શક્યા પણ સૂતા સૂતા જ હાથમાં હાર લઇ પૂ.શ્રીના ચરણોમાં પધરાવ્યો.

બાપજીએ કહ્યું: "ડોસા! હવે પાછા આવવાનું નથી."

બધાને દર્શન આપી અવધૂતજી અમદાવાદ આવવા ઘોડાગાડીમાં નીકળ્યા.

**માતાની ગોદ એ વિશ્વની સૌથી મોટી યુનિવર્સિટી છે.**

રસ્તે જગન્નાથભાઈએ કહ્યું: "બાપજી! આ ડોસા એકાદ કલાકના મહેમાન લાગે છે."

બાપજી બોલ્યા: "આપણો મુકામ હોય ત્યાં કોઈ મરે જ નહિ. આપણે ગાડીમાં બેસીશું પછી સ્ટેશને સમાચાર મળશે કે ડોસા ગયા."

પૂ.શ્રીની ભવિષ્યવાણી સાચી પડી.

સ્ટેશને ગાડીમાં બેઠા પછી સમાચાર આવ્યા કે ઈચ્છાશંકરભાઈ ગુજરી ગયા.

અવધૂતે ઈચ્છાશંકરભાઈની ઈચ્છા પૂરી કરી.

●

## (૯)

## ભગવાન આપણી આગળ છે

'સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત!' એ રંગદાદાનું સૂત્ર.

જીવનમાં શ્વાસે શ્વાસે દત્તનામનું સ્મરણ કરે.

જે ભગવાનને સંભારે તેને ભગવાન સંભાળે.

ભગવાનમાં રંગદાદાને અતૂટ વિશ્વાસ.

સને ૧૯૪૫ની સાલ.

પૂ.શ્રીને ઉનાળામાં તાપ ન લાગે અને આરામ મળે એવું કાંઈ કરીએ એવું જગન્નાથભાઈ ત્રિપાઠીને થયું.

**માતાની ગોદમાં બાળકને ઉત્તમ સંસ્કારો મળે છે.**

એમણે બાપજીને કહ્યું કે બાપજી! આપણે આબુ જઇએ. ત્યાં કોઇ આવે નહિ અને ગરમી પણ ઓછી લાગે.

પૂ.શ્રીએ હા કહી અને કહ્યું કે વરણામામાં શ્રીગુરુલીલામૃતની સપ્તાહ પતે પછી જઇશું.

જગન્નાથભાઇ ઉપડ્યા આબુ. સાથે રામભાઇને લીધા. પૂ.શ્રી માટે વ્યવસ્થા કરવાની હતી.

આબુના નખી તળાવ ઉપર તપાસ કરી પણ કોઇ ગુફા ખાલી નહિ.

બીજે બધે તપાસ કરી પણ સંતોષકારક વ્યવસ્થા થઇ નહિ.

જગન્નાથભાઇ અને રામભાઇ નિરાશ થયા.

વિચાર્યું કે આવતે વર્ષે જઇશું.

બંને જણા વરણામા ગયા. પૂ.શ્રીને મળ્યા.

પૂ.શ્રીએ તરત જ કહ્યું: કેમ! હીરો ઘોઘે જઇ આવ્યો? અને પછી ઉમેર્યું કે અવધૂતનો કાર્યક્રમ ફરતો હશે કે? જવાનું એટલે જવાનું.

નખી તળાવની પાળ વિશાળ છે.

આપણે તો જ્યાં જઇશું ત્યાં ભગવાન આપણી આગળ જ હોય.

આબુ જવાનું નક્કી થયું.

**માતા પૃથ્વીથી પણ મહાન છે.**

વરણામાથી ટ્રેઈન દ્વારા અમદાવાદ આવ્યા અને પછી અમદાવાદથી આબુ જવા નીકળ્યા.

રાત્રે ૯ વાગે આબુ ઉતર્યા.

જગન્નાથભાઈ તો મનમાં મૂંઝાયા કરે.

ક્યાં જશું અને ક્યાં રહીશું?

આબુ સ્ટેશને ઉતરી સ્ટેશન બહાર આવ્યા ત્યાં જ એક ભક્ત મળ્યા. નામ એમનું રમણલાલ.

વડોદરાના શિતળાના ડૉક્ટર.

પૂ.શ્રીને પગે લાગ્યા.

પૂ.શ્રીએ પૂછ્યું: 'તું અહીં ક્યાંથી?'

એમણે કહ્યું "બાપજી! મને સમાચાર મળ્યા કે આપ આવો છો તેથી અહીં રોકાઈ ગયો."

અહીં ધર્મશાળામાં આપને માટે બે રૂમો રાખી છે.

રૂમો પાણીથી ધોઈ નાંખી છે.

ધૂપ કરીને પવિત્ર કરી રાખી છે. આપ પધારો.

બીજી બધી વ્યવસ્થા કરી રાખી છે.

રંગદાદાએ જગન્નાથભાઈને કહ્યું: "જોયું ને! છે ને ભગવાન આપણી આગળ ને આગળ."

ભગવાનમાં વિશ્વાસ હોય તો ભગવાન બધી વ્યવસ્થા કરે. વિશ્વાસે વહાણ ચાલે.

●

**માતા એ પૃથ્વી પરના પરમાત્મા છે.**

# (૧૦)

## અનિલની આંતરડી ઠારી

પૂ. રંગદાદાની દૃષ્ટિ અનોખી.
એમનો અન્ય સાથેનો વ્યવહાર પ્રેમાળ.
સામાની આંતરડી ઠરે એવું કરીએ તે જ સાચું ઇશ્વરપૂજન.
ધર્મને નામે જડતા નહિ.
પરિસ્થિતિને ઓળખીને નિયમમાં થોડી છૂટછાટ મૂકી શકાય.
નિયમો માણસ માટે છે, માણસો નિયમ માટે નથી.
ઇ.સ. ૧૯૪૪-૪૫નું વર્ષ.
પૂ.શ્રીનો સુરતમાં મુકામ.
ડૉ. રણજીતભાઇ ભટ્ટને ત્યાં મુકામ.
એમના દીકરાનું નામ દિલીપ.
દિલીપભાઈના મિત્રનું નામ અનિલ શ્રોફ.
અનિલભાઈની ઉંમર અગિયાર-બાર વર્ષની હશે.
પૂ.શ્રીના મુકામ દરમ્યાન અનિલભાઈને પ્રસાદ વહેંચવાની સેવા મળી.
અનિલભાઇ વ્યવસ્થિત રીતે પ્રસાદ વહેંચતા.

**માતા એ પૃથ્વી પરની કવિતા છે.**

બધાને પ્રસાદ આપે પણ પોતે જાતે પ્રસાદ ના લે.

પૂ.શ્રી જાતે અનિલભાઈને પ્રસાદ આપે.

પૂ.શ્રીને આવી નીતિમત્તા ગમે.

આ અનિલભાઈને ત્યાં સત્યનારાયણની કથા થાય પરંતુ કથા કરાવવા માટે રંગ પરિવારના ચંદ્રકાન્તભાઈ શુકલ ન આવે.

ચંદ્રકાન્તભાઈ વૈદિક પદ્ધતિથી પૂજા કરાવે એટલે ફક્ત બ્રાહ્મણના ઘરે જ જાય.

અનિલભાઈ શ્રોફ તો વાણિયા એટલે ના જાય.

આ ચંદ્રકાન્તભાઈ પૂ.શ્રીના અનન્ય ભક્ત.

ચંદ્રકાન્તભાઈ પૂ.શ્રીના દર્શને આવે.

પૂ.શ્રી પ્રત્યે એમનો અનન્ય ભાવ.

સવારે દર્શને આવ્યા.

એ ગયા પછી અનિલભાઈએ ફરિયાદ કરી કે બાપજી! આ ચંદ્રકાન્તભાઈ મારે ત્યાં સત્યનારાયણની કથા કરવાની ના પાડે છે.

હું કહું પણ આવતા નથી.

પૂ.શ્રીએ કહ્યું કે સાંજે ચંદ્રકાન્તને આવવા દે. પછી એની વાત છે.

સાંજે ચંદ્રકાન્તભાઈ આવ્યા.

**માતા એ મનુષ્યજીવનનું ગંગાજળ છે.**

પૂ.શ્રીની ચરણવંદના કરી.
બાપજીએ સવારની વાત યાદ રાખી હતી.
એમણે ચંદ્રકાન્તભાઈને પૂછ્યું: "અલ્યા ચંદ્રકાન્ત! તું અનિલના ઘરે કથા કરવા કેમ જતો નથી?"
ચંદ્રકાન્તભાઈએ કહ્યું: "પ્રભુ! વૈદિક પદ્ધતિથી પૂજા કરાવું છું તેથી બ્રાહ્મણ યજમાન હોય તો જ કથા કરવા જઉં છું. એવો મારો નિયમ છે."
એટલે બાપજી બોલ્યા: "હું કહું તો પણ નહિ કરાવે?"
ચંદ્રકાન્તભાઈ તો ગળગળા થઈ ગયા.
પગમાં માથું મૂકીને બોલ્યા: "એવું થાય બાપજી? આપ આજ્ઞા કરો એટલે બસ!"
અનિલભાઈને રાજી રાખવા રંગદાદાએ ચંદ્રકાન્તભાઈને આજ્ઞા કરી કે તારે અનિલના ઘરે કથા કરવા જવાનું.
બધા પ્રસંગોએ ધાર્મિક વિધિ કરવા જવાનું.
એને યજમાન તરીકે સ્વીકારવાનો.
આંધળાને આંખ મળે તો જેવો આનંદ થાય તેવો આનંદ અનિલભાઈને થયો.
ગરીબને ધનનો ભંડાર મળે તો કેવો રાજી થાય?
બસ! અનિલભાઈને એવો જ રાજીપો થયો.
અવધૂતે એમની આંતરડી ઠારી દીધી.

●

**માતા બાળકને પાવન કરનારી નથી, ગણનારી છે.**

# (૧૧)

## ❁ નતજન તારણહાર ❁

રંગદાદા જ્યારે પાંડુરંગ વળામે તરીકે ઓળખાતા હતા ત્યારે અંબાલાલ વ્યાસ અને અમૃતલાલ મોદી એ બે મિત્રો એક રૂમમાં સાથે રહેતા.

પાંડુરંગ રંગ અવધૂત બન્યા ત્યારે મિત્ર અમૃતલાલ એમના અંગત સેવક અને પરમ ભકત બન્યા.

મુ. અમૃતલાલ મોદીએ આખી જીંદગી પૂ.શ્રીની સેવામાં ગાળી.

એમનો જયંતી નામે એક દીકરો.

મોદીકાકાના માતુશ્રી સંઘમાં જાત્રાએ ગયેલા.

જોડે જયંતીને પણ લઈ ગયેલા.

જાત્રા કરતાં કરતાં તેઓ ગંગાકાંઠે પહોંચ્યા.

ગંગાજીમાં જયંતી નહાતા નહાતા ડૂબી ગયો.

દશ પંદર ફૂટ ઊંડુ પાણી.

જયંતી ડૂબી ગયો છે એવું જાણતાં જ સંઘમાં પાછળથી જોડાયેલા એક ભાઈ કૂધા.

એમને તરતા આવડે.

અજાણ્યા પાણીમાં ભૂસકો મારવામાં જોખમ.

**માતા એ ક્ષમા, દયા તથા પ્રેમની મૂર્તિ છે.**

આમ છતાં એણે જોખમ ઊઠાવ્યું.
પાણીમાં નીચે જતાં કશાનો સ્પર્શ થયો.
સ્પર્શ થતાં જ એણે માથા પર ઢીંક મારી.
ઢીંક વાગતાં જ જયંતી(બાબુ) ઉપર આવ્યો.
જયંતી ઉપર આવ્યો એટલે એણે કહ્યું કે એક બેન પણ ડૂબ્યાં છે.
એ બેનને પણ કાઢ્યા ત્યારે ખબર પડી કે એ તો એમના પત્ની જ હતા.
જયંતી ડૂબી ગયો હતો પણ એના પેટમાં પાણીનું એક પણ ટીપું ગયું ન હતું.
મોદીકાકાને તો જયંતી ડૂબ્યાની જાણ મોડી થઇ હતી.
પણ પૂ.શ્રીને આ વાતની પહેલેથી જાણ હોઇ તેમ બધી યોજના ઘડાઇ ગઇ હતી.
આવા અમંગલ બનાવ અંગે પૂ.શ્રીને પહેલેથી દૈવી સ્ફુરણા થયેલી અને એમણે પોતાના ભકત(નતજન)ના પુત્રને બચાવી લીધો.
યોગીમાં દૂરની વસ્તુને સ્પર્શવાની શકિત હોય છે.
સાચા સંત ભકતને ખબર ના પડે એમ ભકતનું રક્ષણ કરે છે.

●

**માતા શિક્ષા, દીક્ષા અને સંસ્કાર-ગુરુ છે.**

# (૧૨)

## ❁ સાત્વિક સંકલ્પ ❁

અમદાવાદ શહેરમાં એક રંગભક્ત રહે.
એનું નામ ડૉ. કનૈયાલાલ વાણી.
પૂ.શ્રીના અનન્ય ભક્ત.
એમના એક મિત્ર.
એનું નામ ત્રિકમલાલ વાણી.
બંને વચ્ચે મિત્રતા, પણ હેત સગાભાઈ જેવું.
ઘણાને ક્યાંય સુધી એવો જ ખ્યાલ રહ્યો કે બે સગા ભાઈઓ જ છે.
આ ડૉ.વાણી દર વર્ષે શ્રીગુરુચરિત્ર-પોથીનું પારાયણ કરે.
કેવળ પાણી ઉપર પારાયણ કરે.
શ્રીગુરુચરિત્રનું સપ્તાહ પારાયણ ગરુડેશ્વરમાં કર્યું.
કેવળ પાણી પીને પારાયણ કરવાની આકરી તપશ્ચર્યા કરી.
સંવત ૨૦૦૬ એટલે કે સને ૧૯૪૯માં દત્તજયંતી ઉપર તેઓશ્રી નારેશ્વર આવ્યા.
શ્રીગુરુચરિત્રનું સપ્તાહ પારાયણ કરવાનું વિચાર્યું.

**પિતાને બાળક હોય છે પણ બાળકોને સાચો પિતા ક્યાં મળે છે?**

જેમ ગરુડેશ્વરમાં નર્મદાજળ ઉપર રહીને પારાયણ કર્યું તે જ રીતે નારેશ્વરમાં પણ સપ્તાહ પારાયણ કરવાનું નક્કી કર્યું.

પૂ.શ્રીની અનુજ્ઞા મેળવી પારાયણ કર્યું.

આ સમય દરમ્યાન પૂ.માજીની તબિયત બગડી એટલે ડૉ.વાણીને માજીની સેવા કરવાની તક મળી.

વાણીકાકાનો ડૉકટર તરીકેનો વ્યવસાય ધૂમ કમાણીવાળો, છતાં શ્રદ્ધા-ભક્તિનું જોર ખૂબ જ.

પૂ.શ્રીને પોતાના ગુરુ માને.

ગુરુભક્તિ ખૂબ ઊંચી.

પૂ.શ્રી પણ અગત્ય બાબતોમાં નિર્ણય લેતા પહેલાં તેમને પૂછે.

વાણીકાકા એકદમ નિર્વ્યસની.

બે વાર જમે એટલું જ.

ચ્હાનું, કોફીનું કે તમાકુનું કોઇ વ્યસન નહિ.

પૂ.બાપજીને નિર્વ્યસની ભક્ત ઉપર વિશેષ પ્રેમ.

નારેશ્વરમાં શ્રીગુરુચરિત્રનું સપ્તાહ પારાયણ પૂ રું થયું.

સરસ રીતે પારાયણની સમાપ્તિ થઇ.

આ પારાયણના ફળરૂપે વાણીકાકાના મનમાં એક વિચાર ઝબક્યો.

**મૈત્રી એ આત્માઓનાં લગ્નનું બીજું નામ છે.**

એ વિચારનું સાત્ત્વિક સંકલ્પમાં રૂપાંતર થયું.
એમણે પૂ.શ્રી આગળ પોતાના સંકલ્પ કહ્યો.
એમણે કહ્યું: "બાપજી! ગરુડેશ્વર અને નારેશ્વરમાં શ્રીગુરુચરિત્રના પારાયણ તો થયા પણ હવે એક પારાયણ ગાણગાપુરમાં કરવાનો સંકલ્પ જાગ્યો છે. આપની ઉપસ્થિતિમાં શ્રીમન્ નૃસિંહસરસ્વતીના લીલાધામમાં પારાયણ કરવાની ઈચ્છા છે."
ગાણગાપુર એટલે દત્તાવતારી શ્રીમન્ નૃસિંહસરસ્વતીનું લીલાવિહારધામ.
આવા દત્તધામમાં પૂ.શ્રીની ઉપસ્થિતિમાં શ્રીગુરુચરિત્રનું- પોથીનું- પારાયણ થાય તો એનાથી બીજું મોટું સદ્ભાગ્ય શું હોઈ શકે?
પૂ.શ્રી એમનો સંકલ્પ સાંભળી રહ્યા.
ભક્તને શું જવાબ આપવો એના વિચારમાં અવધૂતજી પડ્યા.

●

**મિત્ર વગરનો માનવી એટલે તારા વિનાનું આકાશ.**

## (૧૩)

## ડૉ. વાણી- ભક્તિની સરવાણી

પૂ.બાપજી પોતે એવું કહેતા કે અવધૂત એક કોયડો છે. પણ સાચું પૂછો તો અવધૂત એક ન ઉકેલી શકાય એવો કોયડો છે એમ આપણે કહેવું પડે.

ડૉ.વાણીકાકાએ પોતાનો સંકલ્પ તો કહ્યો પણ અવધૂતજી એકદમ `હા' પાડી દે એવા સંત ક્યાં હતા? `બાવાજી રામ રામ' એમ કોઈ કહે એના જવાબમાં `તેરે ઘર મુકામ' એવું કહેનાર સાધુ જુદા અને અવધૂતજી જુદા.

સામી વ્યક્તિને કસોટીની એરણ પર ચઢાવે, એને ચકાસે, તપાસે અને પછી એમાં એ સફળ નિવડે તો હા કહે.

અવધૂતજીએ કહ્યું: ``ઉનાળાની સખત ગરમીમાં બધાને કેમનું ફાવશે?''

અવધૂતજીને પોતાને તો પ્રશ્ન હતો જ નહિ પણ બીજાની ચિંતા કરતા હતા.

બીજી તકલીફની વાત આમ આવી.

ગાડીઓ ખૂબ અનિયમિત રહે છે.

**મર્યાદા જાણવા છતાં જે આપણને ચાહે તે મિત્ર.**

તમે બધા હેરાન હેરાન થઇ જશો.
રેશનીંગને કારણે પ્રવાસમાં ઘણી મુશ્કેલી પડશે એમ પણ જણાવ્યું.
હૈદ્રાબાદના રઝાકારનો ત્રાસ છે તો અત્યારે માંડી વાળો અને પૂ.માજીની તબિયત પણ થોડી નાજુક છે.
તો આ વાતનો પછીથી વિચાર કરીએ તો ના ચાલે?
પરંતુ પાકા ગુરુના પાકા ચેલા એ ન્યાયે ડૉ.વાણી પણ ગાંજયા જાય એવા ન હતા.
એમણે બધા પ્રશ્નોના ઉકેલ બતાવ્યા.
પોતાનો સંકલ્પ દૃઢ છે અને નિર્ણય મક્કમ છે એમ એમની વાત ઉપરથી પૂ.શ્રીને લાગ્યું.
ડૉ.વાણીના હૈયામાં ભક્તિની જે સરવાણી ફૂટી તેનો ખ્યાલ પૂ.શ્રીને આવી ગયો એટલે એમણે ડૉ.વાણીની વિનંતી મંજૂર કરી અને ગાણગાપુરમાં શ્રીગુરુચરિત્રનું પારાયણ કરવાનું નક્કી થયું.
પૂ.શ્રીએ ડૉ.વાણીને હા કહેતાં પહેલાં કહ્યું: "કોણ જાણે ભગવાન અવધૂતને ત્યાં કેમ બોલાવે છે?
બાકી ઇચ્છા તો એને વૈકુંઠમાંય જવાની નથી.
પણ ભગવાન બોલાવે છે એ ખાસ અને ડૉ.વાણીને વોરંટ બજાવવા માટે નિમિત્ત બનાવી આગળ ધર્યા છે.

**મિત્ર ગુમાવવો એ મૃત્યુ પામવા જેવું ગણાય.**

હશે! જેવી દેવની ઇચ્છા."

આ ધાર્મિક પ્રવાસમાં ગણ્યા ગાંઠ્યા જ માણસો રાખવાનું નક્કી થયું.

પૂ.શ્રી સાથે પાંચ ભક્તો જોડાશે એવું વિચારાયું હતું પણ ભગવાનને શું મંજૂર હતું તેની કોને ખબર?

●

## (૧૪)

## મંદિર બાંધવું સહેલું- નિભાવવું અઘરું

ડૉ.કનૈયાલાલ વાણીનો દૃઢ સંકલ્પ ફળ્યો.

ઇ.સ. ૧૯૫૦ના ફેબ્રુઆરીમાં શ્રીક્ષેત્ર ગાણગાપુરમાં પૂ.શ્રીની ઉપસ્થિતિમાં શ્રીગુરુચરિત્રનું પારાયણ કરવાની ઇચ્છાને મંજૂરી મળી.

પ્રવાસમાં પૂ.શ્રી હોય એટલે બધાને જોડાવાની ઇચ્છા થાય.

કનૈયાલાલ વાણી, ત્રિકમલાલ વાણી, સુમનલાલ માસ્તર, જગન્નાથભાઇ ત્રિવેદી અને મલ્હારરાવ પુરાણિક એમ પાંચ જણાના નામ મંજૂર થયાં.

**મિત્રતા બાંધવી એ મુશ્કેલ કાર્ય છે.**

પરંતુ પછી તો મણિભાઇ ત્રિપાઠી, જમિયતરામ અધ્વર્યુ, છોટુભાઇ શાહ, કનુભાઇ જાની એવા ઘણા ભક્તો જોડાયાં.

ગાણગાપુર પહોંચીને કલ્લેશ્વરનાં દર્શન કર્યા પછી મુકામ તરફ પાછા વળતાં પૂ.શ્રીએ એક સત્ય પણ ગંભીર વાત કરી.

આ વાત કરવાનું નિમિત્ત એક સંતની સમાધિની જગા હતી.

એ સિદ્ધ પુરુષના સમાધિસ્થળના સંદર્ભમાં પૂ.શ્રીએ કહ્યું કે દેવસ્થાન બનાવવા સહેલાં છે પણ એ નિભાવવાં બહુ મુશ્કેલ છે.

કોઇ પણ એક વિભૂતિની તપશ્ચર્યાને પ્રભાવે દેવસ્થાન નિર્માણ થાય છે પરંતુ એ પાછળની પૂજન-અર્ચનની સુવ્યવસ્થા એવી ને એવી અખંડ ચાલુ રાખવી એ જ અઘરું પણ સાચું કામ છે.

અને એનો બધો આધાર પૂજારી લોકો પર છે.

પણ અત્યારે તો પૂજારી પૂજાના અરિ (દુશ્મન) થઇને બેઠેલા હોય એવું ઘણે ઠેકાણે જોવામાં આવે છે.

પૂ.શ્રીએ મંદિરોની વ્યવસ્થાનું ઝીણવટથી નિરીક્ષણ કર્યું હશે એમ એમના સાચા ચિંતન પરથી સ્પષ્ટ થાય છે.

**મિત્રની પસંદગીમાં સાવધ રહેજો. સોબત તેવી અસર.**

ભાવાવેશમાં આવીને ભકતો ફંડફાળો ઊભો કરી દે. મંદિર પણ બાંધી દે પરંતુ સ્વચ્છ અને વ્યવસ્થિત વહીવટ માટે જે ભક્તિની સ્થિરતા જોઈએ તે ક્યાંથી લાવવી?

પૂ.શ્રીએ કહ્યું: "જે પૂજા અર્ચાથી દેવનું દેવત્વ પ્રકટે છે અને શ્રદ્ધા-નિષ્ઠા જાગ્રત થાય છે તેના જ દુશ્મન (અરિ) થઈને પૂજારીઓ માલ-પૈસા બટોરવામાં ચિત્ત રાખતા થઈ જાય છે."

એટલે જ પૂ.શ્રીએ પોતાની ઉપસ્થિતિમાં નારેશ્વરમાં મંદિર બાંધ્યુ નહિ અને કોઈને બાંધવા દીધું નહિ.

•

**મિત્રરૂપી મૂલ્યવાન રત્ન, સ્નેહશીલતાનું પરિણામ છે.**

## (૧૫)

# ❁ ભોળા થજો પણ ભોટ ના થજો ❁

પૂ.શ્રી અલગ પ્રકારના જ સંત છે.
એમનું સંતત્વ એકદમ નિરાળું જ છે.
દયાભાવ રાખવો, કોઈને મદદ કરવી, કોઈની વહારે દોડી જવું એ ગુણ છે પણ કોઈ આપણને મૂરખ બનાવી જાય અને આપણે મૂરખ બનીએ એ તો અવગુણ છે.
મૂરખ બનાવનાર કરતાં પણ મૂરખ બનનાર વધુ ગુનેગાર છે.
કેમ?
કારણ કે એ મૂરખ બન્યો એટલે મૂરખ બનાવનારને વિશ્વાસ આવી જાય અને તે વધુ લોકોને મૂરખ બનાવવા નીકળે.
ભોળપણ એ ગુણ છે પણ ભોટપણ એ અવગુણ છે.
પૂ.શ્રીએ કહ્યું કેઃ "દાન માટે અંતઃકરણમાં ઉદારતા હોવી જોઈએ પણ કોઈ છેતરી જાય એટલા ભોટ થવું બરાબર નથી.
કોઈ જકકી થઈને દુરાગ્રહ પૂર્વક જે માગે તે આપવું એ યોગ્ય નથી. દંભ કે ઢોંગને હરગીજ ઉત્તેજન ન આપવું."

**મિત્રતા દોષને સહન કરે છે.**

આના અનુસંધાનમાં એમણે એક પ્રસંગ કહ્યો.
એક વખત એક દક્ષિણી (મહારાષ્ટ્રીયન)બાઈ આર્થિક મદદ માટે આવી.
પોતે એકલી છે એટલે ઘર માટે પૈસાની મદદ માગી.
પૂ.શ્રીએ કહ્યું કે હું તારી રહેવાની તથા ખાવાપીવાની બધી વ્યવસ્થા કરી દઈશ. તું ગરુડેશ્વર જવા તૈયાર છે?
એ બાઈએ ના પાડી અને આગ્રહ રાખ્યો કે મને પૈસા જ આપો અથવા અપાવો.
બાઈએ ખાલી હાથે જવું પડ્યું. એની માગણી મંજૂર ના થઈ.
એની જીદ સંતોષવી યોગ્ય ન હતી.
ભલા થવું પણ ભોટ ન થવું એવો બોધ હતો.

●

# (૧૬)

## ❁ પાદુકાપૂજનનો પ્રારંભ ❁

'પ્રતિષ્ઠા સૂકરી વિષ્ઠા' એવું પૂ.શ્રી માને.

સ્ત્રી અને સંપત્તિનો મોહ કદાચ છૂટે પણ પ્રતિષ્ઠાનો મોહ છોડવો અઘરો.

આ વાતને અવધૂતજી બરાબર સમજે.

પૈસાનો સ્પર્શ નહિ કરવાનો.

પ્રવચન અને પ્રચાર નહિ કરવાના.

પ્રતિષ્ઠા મળે એવી પ્રવૃત્તિ નહિ કરવાની.

દેવને રીઝવવાનો, દુનિયાને નહિ.

પૂ.શ્રી પોતાની પાદુકા ઉપર ફૂલહાર મૂકવા ન દે.

અત્તર લગાવવા ન દે.

પૂજન કરવા ન દે.

પોતાની કે પોતાની પાદુકાની પૂજા થાય એવો સંકલ્પ જ નહિ થાય.

આવું કરવા દેવામાં આવે એટલે પછી દુષણ પ્રવેશવા માંડે.

જે વ્યક્તિ પહેલા ભૂષણરૂપ હતી તે પછી દૂષણરૂપ બને.

પરંતુ હરિ કરે સો હોઈ.

**પ્રેમ એટલે આચરણમાં મૂકેલી શ્રદ્ધા.**

દેવની ઇચ્છા સૌથી બળવાન.
ભગવાન ઇચ્છે અને સહજતાથી થાય તે ભગવદીય કાર્ય કહેવાય. દેવનું કાર્ય દેવ કરે.
જાતે ઊભું કરે તે 'વાહ વાહ' માટે કરેલું કાર્ય કહેવાય.
મીંઢોળ ગામના એક ભકત.
પ્રભાશંકરભાઇ ગોર એમનું નામ.
ખૂબ વિચક્ષણ અને બાહોશ. દીર્ઘદૃષ્ટિ ધરાવનાર.
એ પૂ.શ્રીની સેવામાં રહે.
એક વાર એમણે પૂ.શ્રી સમક્ષ વિચાર મૂકયો.
પૂ.શ્રીને વિનંતી કરતાં કહ્યું: ભગવન્! આપને તો કશાયની પડી નથી. આપને કોઇ ઇચ્છા નથી.
પણ જો આપ પાદુકા ઉપર બે ફૂલ મૂકવા દો તો?
પાદુકાપૂજન આદિ કરવા દો તો? તો અમે બ્રાહ્મણો જે સમાજમાં માન વગરનાં બનવા લાગ્યા છે તે માનપાત્ર બનીએ.
બ્રાહ્મણોને ધીરે ધીરે વેદોકત કર્મમાં શ્રદ્ધા જાગે.
બ્રાહ્મણોને વેદ ભણવાનું દિલ થશે.
સમાજમાં વેદોની અને વેદોકત કર્મની પ્રતિષ્ઠા થશે.
પ્રભાશંકરભાઇની રજૂઆત સુંદર હતી.
રજૂઆત પાછળનો ભાવ શુદ્ધ હતો.

**સેવા એટલે આચરણમાં મૂકેલો પ્રેમ.**

અવધૂતજીએ ભકતની ભાવના સંતોષવા મંજૂરી આપી અને ત્યારથી પાદુકાપૂજનનો પ્રારંભ થયો.
સાચા સંતોને પોતાને તો પૂજાવવાની ઇચ્છા હોતી જ નથી. પણ સમાજનું સારું થતું હોય તો કરવા દે.
પરંતુ સંતો અને ભગવાન ભકતને રાજી રાખવા માટે પોતાની ઇચ્છા વિરુદ્ધ જઇને પણ ભકતની ઇચ્છા પૂરી કરે.
પ્રભાશંકરભાઇ ગોરનો રંગપરિવાર ઋણી બન્યો.

●

## (૧૭)

## પાદુકાપૂજન વિધિના શ્લોકો:

પ્રભાશંકરભાઇ ગોર નિષ્ઠાવાન રંગભકત.
એમની ભાવના જોઇને પૂ.શ્રીએ પાદુકાપૂજનની રજા આપી. પાદુકાપૂજન શરૂ થયું.
વેદોકત શ્લોકોથી પૂ.શ્રીની પાદુકાનું પૂજન થવા લાગ્યું.
વડોદરા નામે શહેર.
એમાં એક અતિ વિદ્વાન બ્રાહ્મણ રહે.

**કરુણા એટલે આચરણમાં મૂકેલી દયા.**

એનું નામ મણિશંકર ઉપાધ્યાય.
વિદ્યાભાસ્કરની ઉપાધિ ધરાવે.
આ શાસ્ત્રી મણિશંકરભાઈ નિરીશ્વરવાદી.
નિર્ગુણ બ્રહ્મના ઉપાસક. સંસ્કૃત પર ગજબનું પ્રભુત્વ.
પ્રતિમા પૂજનમાં ના માને.
સાધુ- સંતોને વંદન પણ ના કરે.
કેવળ નિર્ગુણ બ્રહ્મની ઉપાસનામાં માને એવી ઊંચી કક્ષાના સાધક.
એમના એક મિત્ર. નામ વિષ્ણુપ્રસાદ શાસ્ત્રી.
નારેશ્વર આવવાનું આમંત્રણ આપ્યું.
એમણે કહ્યું હું સાધુ-સંતોને પગે લાગતો નથી.
મારે આવવું નથી. મિત્ર હોશિયાર.
એમણે કહ્યું કે પગે ના  લાગશો.
બસ! નારેશ્વર તો ચાલો.
મુ. મણિશંકરભાઈ તૈયાર થયા. નારેશ્વર ગયા.
અને પૂ.શ્રીને જોતાં જ શું થયું તે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી દીધા.
આ શાસ્ત્રીજીએ પૂ.શ્રીની પાદુકાની પૂજા કરવાના સંસ્કૃતમાં શ્લોકો રચ્યા.

**પ્રેમ મનની મુક્તિ છે.**

સને ૧૯૫૨માં એમણે દોઢ-બે કલાકમાં જ આખી પૂજાવિધિના શ્લોક લખી નાંખ્યા.

અતિ વિદ્વાન અને પૂ.શ્રી પ્રત્યેનો ઊંચો ભાવ હોય એટલે પૂજાવિધિના શ્લોકમાં દિવ્યતા આવે જ.

આજે પણ એમના શ્લોકો દ્વારા પૂજન થાય ત્યારે એ વાતાવરણ દિવ્યતાથી ઉભરાતું રહે છે.

એમના એક જ શ્લોકનો આસ્વાદ કરીએ:

અર્ઘ્ય માટેનો શ્લોક છે:

> શ્રીનારીકેલફલ કલ્પમિદં શિરો મે
> કૃત્વાંજલૌ નયન નિર્ઝર વારિપૂર્ણે ।
> સર્વસ્વમિત્ય વહિતોર્ઘ વિધાન હેતો
> રંગ! ત્વદીય કરયોરહમર્પયામિ ॥

અર્થ: (સમશ્લોકી)

> નયનાશ્રુની ભરી અંજલિ મેં ખોબે,
> એમાં મારા શિરતણું શ્રીફળ શોભે,
> સર્વ સમર્પણ રંગ તણા કરકમળ મહીં,
> જીવન મારું અર્ઘ્ય બનીને જજો વહી.

વહાલા બાળકો! આપણા રંગદાદા એવી મહાન વિભૂતિ હતા કે અતિ વિદ્વાન અને અતિ શ્રીમંત વ્યક્તિ પણ એમનું શરણું લેતાં.

**પ્રેમ આપો તો પ્રેમ મળશે.**

## (૧૮)

## ❁ ન રહે બાંસ, ન બજે બાંસૂરી ❁

પાદુકાપૂજન માટે મુ. પ્રભાશંકરભાઇ નિમિત્ત બન્યાં.
મુ. મણિશંકર શાસ્ત્રીએ પૂજા માટે શ્લોકો રચ્યાં.
ભક્તો ભાવપૂર્વક પૂજન કરાવવા લાગ્યા.
નારેશ્વર તો તીર્થભૂમિ.
એમાં દત્તના અવતાર સમા પૂ.શ્રીની હાજરીમાં પૂજન કરાવવાનું કોને ન ગમે?
અનેક ભક્તો પૂજન માટે આવતા થયા.
પૂજન માટે ફૂલ, ફૂલહારની જરૂર પડે.
શ્રીફળ અને પ્રસાદની જરૂર પડે.
એટલે એ વેચનારા નારેશ્વરમાં બેસતા થયા.
વેપારી વાજબી નફો લઇને વસ્તુ વેચે તે બરાબર છે.
પરંતુ પરિસ્થિતિનો ગેરલાભ ઊઠાવે તો તે યોગ્ય નથી.
કોઈની લાચારીનો લાભ ઊઠાવવાની વૃત્તિ એ જ પાપ છે.
પરંતુ વેપારી આ બધું સમજે ખરો પણ અમલમાં ન મૂકે.
એક વાર આફ્રિકાથી એક ભક્ત આવ્યા.
એમણે પાદુકાપૂજન કરાવવું હતું.

**પ્રેમનો બદલો પ્રેમ જ હોઈ શકે.**

પાદુકા પર ચઢાવવા માટે હાર લીધા.

માળીએ જોયું કે ભકતો પરદેશથી આવે છે અને પૈસાદાર છે.

એમને ભાવની શું ખબર પડે?

એટલે માળીએ લૂંટ ચલાવી એમ કહેવાય એવો ભાવ લીધો.

પાંચ-સાત હારના એ સમયે પાંત્રીસ રૂપિયા લીધા.

હાર પાછા એવા મોટા નહિ.

એવી ગૂંથણી પણ નહિ અને એવી શોભા પણ નહિ.

ભક્તોએ પૈસા આપ્યા અને હાર લીધા.

હાર લીધા અને પાદુકા ઉપર ચઢાવ્યા.

પરંતુ પૂ. માજીને વાત કરી કે આ માળીએ ખોટી રીતે વધુ પૈસા લીધા છે.

આવો લોભ નારેશ્વરને માટે કલંકરૂપ છે.

પૂ.માજીને આ વાત સાચી જણાઇ.

ખોટું કરવું નહિ અને ખોટું કરવા દેવું નહિ.

પૂ. માજીએ પૂ.શ્રીને ફરિયાદ કરી.

દેવના દરબારમાં આવા કાળા બજાર શોભે ખરા?

પૂ.શ્રીએ તરત જ નિર્ણય લીધો.

આવા માળીને વિદાય કરી દો.

**પ્રેમની સાચી ભાષા પુષ્પ છે.**

પૂ.શ્રીએ કાર્યકર્તાને કડક સૂચના આપી પણ એનું પાલન થયું નહિ.
પાલન તો ના કર્યું પણ સામી ખોટી દલીલ કરી.
પૂ.શ્રીને થયું કે પાદુકા પૂજવા દઉં છું તો આ પ્રશ્ન ઊભો થયો ને?
ઝાડના મૂળમાં જ ઘા કરીએ એટલે કોઇ પ્રશ્ન જ ના રહે.
બસ! પૂ.શ્રીએ પાદુકાજી લઇ લીધા.
પાદુકાપૂજન બંધ કરાવી દીધું. બસ! હવે શું?
ન રહે બાંસ, ન બજે બાંસુરી! વાંસનો જ નાશ કરીએ તો પછી વાંસળી શામાંથી બને? અને વાંસળી જ ન હોય તો પછી વગાડવાનો પ્રશ્ન જ કયાં?

●

# (૧૯)

## ❁ પૂ.માજી : પૂ.શ્રીની સુપ્રીમ કોર્ટ ❁

એક માળીની લોભવૃત્તિથી પાદુકાપૂજન બંધ થયું.
પૂ.શ્રી એક વાર નક્કી કરે પછી નિર્ણય બદલે નહિ.
અડગ નિર્ણય-અડીખમ નિર્ણય.
ભક્તો આવે પણ પાછા જાય.
ભક્તો નિરાશ થવા માંડ્યા.
વડોદરામાં મુ. વિષ્ણુપ્રસાદ શાસ્ત્રી રહે.
પૂ.શ્રી પ્રત્યે એમની ભાવના ખૂબ ઊંચી.
પૂ.શ્રીના પહેલી વારના દર્શને જ એમને પૂ.શ્રીમાં પોતાના ઇષ્ટદેવના દર્શન થયેલા.
બસ! ત્યારથી પૂ.શ્રીનું શરણું લઇ લીધું.
દર વર્ષે વિષ્ણુપ્રસાદ શાસ્ત્રીજી સંઘ લઇને વડોદરાથી નારેશ્વર આવે.
"દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા"ની ધૂન સાથે સંઘ નારેશ્વર આવે. નર્મદાસ્નાન કરે.
પછી પાદુકાપૂજન કરે અને ત્યાર બાદ મહાપ્રસાદ લઇ સંઘ પાછો ફરે.
દર વર્ષની જેમ સંઘ આવ્યો.

**પ્રેમ એ જ પરમેશ્વર.**

નર્મદાસ્નાન કરીને પાદુકાપૂજન માટે ગયા.
મુ. મોદીકાકાએ બનેલી બધી વાત કરી અને કહ્યું કે પૂ.બાપજીએ પાદુકા મૂકાવી દીધી છે.
પાદુકાપૂજન બંધ છે.
આ તો વિષ્ણુપ્રસાદ. એમ માને શાના?
એમણે કહ્યું કે પાદુકાપૂજન વગર સંઘનો કોઈ ભક્ત મહાપ્રસાદ નહિ લે. એક બાજુ પૂ.શ્રીની કડક સૂચના.
પાદુકાપૂજન બંધ એટલે બંધ.
બીજી બાજુ ભક્ત હઠે ચઢ્યા.
પાદુકાપૂજન કર્યા પછી જ મહાપ્રસાદ.
ભક્ત અને ભગવાન સામસામા આવ્યા.
બંને પોતાની રીતે સાચા હતા.
પણ હવે આનો ઉકેલ શો? સંઘમાં સ્ત્રી અને બાળકો ભૂખે ટળવળે તે યોગ્ય ના કહેવાય.
મુ. મોદીકાકાએ કહ્યું કે આનો એક જ ઉપાય છે.
વિષ્ણુપ્રસાદ બોલ્યા: "શો ઉપાય?" મુ. મોદીકાકાએ કહ્યું કે તમે પૂ. માજીને જઈને મળો. એમને વિનંતી કરો. તમારા નિયમની વાત કરો.
જો પૂ. માજી બાપજીને પાદુકા આપવાનું કહે તો પૂ. બાપજી એમની આજ્ઞાની વિરુદ્ધ નહિ જાય.

**પ્રેમ સ્વર્ગનો રસ્તો છે.**

પૂ.શ્રી માટે પૂ. માજી એ સુપ્રીમ કોર્ટ છે.
સુપ્રીમ કોર્ટ કહે તે આખરી- No Appeal.
સંઘના મહાનુભાવો પૂ.માજીને મળ્યા.
બધી વાત કરી. પૂ. માજીને દયા આવી.
પાડાના વાંકે પખાલીને ડામ ના દેવાય.
માળીની ભૂલને કારણે સંઘના સ્ત્રી-બાળકોને દુ:ખી ના કરાય.
પૂ. માજી બોલ્યા: "એ પણ શું કરે? પણ જાવ, એને કહેજો કે માજીએ પાદુકા આપવાનું કહ્યું છે એટલે આપશે."
મુ.વિષ્ણુપ્રસાદ તો રાજી થતાં થતાં મોદીકાકા પાસે ગયા. વાત કરી. બધા પૂ.શ્રી પાસે ગયા.
પૂ. બાપજીએ કહ્યું: "માજીએ કહ્યું હોય તો આપો. હું મારા હાથે તો નહિ આપું પણ મોદી! તમે આપો. સુપ્રીમકોર્ટ હુકમ કરે પછી આપણું શું ચાલે?"
પૂ. માજીની દખલગીરીથી પ્રશ્ન પત્યો.
સંઘે પાદુકાપૂજન કર્યું.
મહાપ્રસાદ લઈને સંઘ પાછો ફર્યો.
પૂ.શ્રીની માતૃભક્તિનો અને પૂ. માજીનો જયજયકાર કરતો સંઘ વડોદરા આવી પહોંચ્યો.

●

**પ્રેમને દોષ દેખાતો જ નથી.**

## (૨૦)

## ❁ વાક્‌સિદ્ધિ ❁

વાક્‌સિદ્ધિ એટલે વ્યક્તિ જેવું બોલે તેવું થાય.
માણસ જ્યારે કુદરતના નિયમોનું પૂરેપૂ રું પાલન કરે ત્યારે આવું થાય.
કુદરત એની વાણીને સાચી પાડે.
યોગીપુરુષોને જે કાંઇ બનવાનું છે તેની અગાઉથી જાણ થઇ જાય.
આપણને બનાવ બને ત્યારે જાણ થાય.
આમ યોગીપુરુષો બનનારા બનાવોને જાણીને એ સંદર્ભમાં વાણી બોલતા હોય છે.
આપણા રંગદાદામાં આવી વાક્‌સિદ્ધિ હતી.
રંગદાદા પોતાની વાણીનો દુરુપયોગ ના કરે.
ખૂબ વિચારીને બોલે.
એક મરાઠી યુવક. એને પરદેશ જવું હતું.
પરદેશ તો જવું હતું પણ પરદેશ જવાના પૈસા ન હતા.
એના એક કાકા હતા.
કાકા પૈસાદાર હતા. પણ કંજૂસ હતા.
પૈસા આપે એવા ન હતા.

**પ્રેમ એક રમત છે જેમાં બુદ્ધિની હાર છે.**

આ યુવક પૂ.શ્રીના દર્શને આવ્યો.
સંતના દર્શનથી મનને શાંતિ મળે.
પ્રશ્નને ઉકેલવાની દિશા મળે.
પૂ.શ્રીને પગે લાગ્યો અને પોતાની મૂંઝવણ કહી.
પૂ. બાપજીએ એ મરાઠી યુવકને કહ્યું કે તું તારા કાકાને વાત તો કર.
કાકા પાસે પૈસા માગતો ખરો.
પેલા યુવકને તો ખાત્રી હતી જ કે કાકા કશું જ નહિ આપે છતાં પૂ. બાપજી કહે છે તો માગી જોઉં.
એ તો ગયો એના ગામે. જઈને કાકાને મળ્યો.
પોતાની વાત કરી અને પરદેશ જવા માટે પૈસાની જરૂર છે એમ કહી મદદની માગણી કરી.
જે કાકા એક રૂપિયો પણ ન આપે તે હજારો રૂપિયા આપવા રાજી થઈ ગયા.
કાકાએ મદદ કરી અને યુવક પરદેશ ગયો અને ભણ્યો.
ભણીગણીને પોતાની વ્યાવસાયિક કારકિર્દી શરૂ કરવા માટે ભારત પાછો ફર્યો.
એણે મનોમન નક્કી કર્યું કે પહેલા નારેશ્વર જવું.
પૂ.શ્રીના દર્શન કરવા અને ત્યાર પછી બીજું કામ કરવું.
સંતની વાણી અસરકારક હોય છે.

●

**પ્રેમની ખરી કિંમત ચૂકવવી ગજા બહારની વાત છે.**

# (૨૧)

## ❁ ક્રાંતિકારી વિચારધારા ❁

પૂ.શ્રી રંગદાદા સંત ખરા પણ આધુનિક વિચારધારાવાળા. આર્ય સંસ્કૃતિના પુરસ્કર્તા છતાં ધર્મનું હાર્દ જાળવીને યોગ્ય ઉકેલ શોધે.

પૂ.શ્રીનો સમય રૂઢિચુસ્તતાભર્યો.

અમુક રીતે જ જીવન જીવવું પડે.

એક મહારાષ્ટ્રીયન યુવતી.

જીવનમાં એક ભૂલ થઈ ગઈ.

ભૂલ પણ ભયંકર કહેવાય એવી.

એ પરણી ન હતી છતાં માતા બનનાર હતી.

એ જમાનામાં આવી ભૂલને સમાજ માફ ન કરે.

મા-બાપને કલંક અને નામોશી ચોંટે.

એ મરાઠી યુવતી પણ ગભરાઈ ગઈ.

આ પરિસ્થિતિમાં આપઘાતને જ ઉકેલ તરીકે સ્વીકારવામાં આવે.

છોકરીએ મનોમન આપઘાત કરવાનું નક્કી કર્યું.

પરંતુ મરતા પહેલાં પૂ. રંગદાદાના દર્શને જવાનું વિચાર્યું.

મરવાનું તો કોને ગમે?

**પ્રેમ એ એક જાદુઈ ચિરાગ છે.**

પણ અહીંયાં તો મર્યા સિવાય છૂટકો ન હતો.
છોકરી તો ગઈ નારેશ્વર.
પૂ.શ્રીને પગે પડી અને પોતાની ભૂલ વિશે વાત કરી.
પોતે આપઘાત કરવાનું નક્કી કરીને આવી છે એમ પણ જણાવ્યું.
પૂ.શ્રીએ કહ્યું કે તું ત્રણ દિવસ થોભી જા.
પછી તારે જે કરવું હોય તે કરજે.
છોકરી માની ગઈ.
એ માની તો ગઈ પણ એને આશ્ચર્ય થયું, નવાઈ લાગી.
ત્રણ દિવસ પછી કેમ?
પરંતુ પૂ.શ્રીમાં શ્રદ્ધા હતી તેથી ત્રણ દિવસ ત્યાંજ રહેવાનું નકકી કર્યું.
એક દિવસ ગયો પણ કાંઈ ન બન્યું.
બીજો દિવસ ગયો પણ કાંઈ ન થયું.
એ છોકરી હવે છેલ્લા દિવસની રાહ જોવા લાગી.
ત્રીજો દિવસ થયો.
થોડો સમય પસાર થયો અને ત્યાં શું થયું?
ત્યાં નારેશ્વર પૂ.શ્રી પાસે એક મરાઠી યુવક આવ્યો.
આ એ જ મરાઠી યુવક કે જે પૂ.શ્રીના આશીર્વાદને કારણે પરદેશ ગયો હતો.

**પ્રેમ કોઈને તાબેદાર બનાવતો નથી.**

કંજુસકાકાએ જેને હજારો રૂપિયા આપ્યા હતા.
પહેલા નારેશ્વર જવાનો જેનો સંકલ્પ હતો.
યુવક તો પૂ. રંગદાદાના ચરણોમાં પડ્યો.
પૂ.શ્રીએ એને આર્શીવાદ આપ્યા.
સારો વ્યવસાય કર અને લગ્ન કરી ગૃહસ્થ જીવન જીવ એવું પણ કહ્યું.
પેલા યુવકે કહ્યું કે સારી કન્યા મળશે એટલે જરૂર પરણીશ.
પછી અવધૂતજીએ પેલી મરાઠી યુવતીની વાત કરી.
એણે કરેલી ભૂલની વાત કરી.
આવી એક ભૂલ માટે તે મરી જાય એ કેવું કહેવાય?
જો તને યોગ્ય લાગે તો તું વિચારી જો.
મન માને તો લગ્ન કરજે.
યુવકને મન તો પૂ.શ્રી સર્વેસર્વા હતા.
એણે હા કહી અને યુવતી સાથે લગ્ન કર્યા.
આવા હતા ક્રાંતિકારી વિચારધારા ધરાવનારા આપણા રંગદાદા.

•

**પ્રેમ કોઈનો તાબેદાર બનતો નથી.**

# (૨૨)

## ❁ કરુણામૂર્તિ ❁

આપણા રંગદાદા કરુણાના સાગર હતા. કરુણા એટલે દયાનું કૃતિમાં રૂપાંતર. જીવનમાં દયાને આચરણમાં મૂકીએ તો એને કરુણા કહેવાય.

પૂ. અવધૂતજી આવી કરુણાની મૂર્તિ હતા.

સને ૧૯૪૫ની વાત છે.

ઝઘડિયામાં પૂ.શ્રીનો મુકામ.

ઉત્સવ નિમિત્તે મુકામ હતો.

ઝઘડિયાના થાણદારને ત્યાં મુકામ હતો.

પૂ.શ્રી પધારવાના છે એવી જાણ થતાં જ ભક્તોની ઠઠ જામતી.

ઉત્સવનો મેળો જામે એટલે ભજન, ધૂન, આરતી વગેરે પણ હોય જ.

લોકોના મનમંદિરિયામાં  આનંદ આનંદ થઈ જાય.

પૂ.શ્રીનો મુકામ હતો ત્યાં રાત્રિએ અવાજ આવ્યો.

શાનો અવાજ?

કડાં ખખડતા હોય એનો અવાજ.

સવાર પડી.

**પ્રેમ કઠોર અને શુષ્ક હૃદયને પણ મુલાયમ બનાવે છે.**

પૂ.શ્રીએ થાણદારને બોલાવ્યા.

થાણદારને પૂછ્યું કે તમારા ઘરમાં કડાં ખખડવાનો અવાજ આવતો હતો તે શું છે?

થાણદારે કહ્યું: બાપજી! આ મેડાની નીચે જેલ છે અને તેમાં કેદીઓ છે.

આ કેદીઓને બાંધેલી બેડીનો અવાજ છે.

હિંદુસ્તાન એ વખતે પરતંત્ર હતું.

અવધૂતજી પોતે પણ સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાની હતા.

દેશની સ્વતંત્રતા માટે લડનારા આ કેદીઓની બેડીનો અવાજ એમને અકળાવવા લાગ્યો.

એમણે કેદીઓની બેડી છોડી નાખવા કહ્યું.

આ કેદીઓને મારી પાસે લઇ આવો.

આ આજ્ઞાનું પાલન કરવામાં જોખમ હતું.

કેદીઓ ભાગી જાય તો?

તો તો થાણદારની નોકરી જાય અને એને જેલમાં જવું પડે.

પરંતુ પોતાના ગુરુમહારાજમાં અનન્ય શ્રદ્ધા હતી.

થાણદારે કેદીઓની બેડી તોડી નાંખી.

કેદીઓને પૂ. અવધૂતજીના દર્શને લઇ આવ્યા.

અવધૂતજીના મનને શાંતિ વળી.

**પ્રેમ એ આંખોની ભાષા છે.**

કેદીઓને મિષ્ટાન્ન જમાડી તેમના હૃદયનું પરિવર્તન કર્યું. કેદીઓએ હવે પછી ગુનો ન કરવાની પ્રતિજ્ઞા લીધી. શિક્ષાથી સુધારવા કરતાં સંસ્કારથી સુધારવાનું પગલું એ જ સાચું પગલું.
આવા હતાં કરુણામૂર્તિ અવધૂતજી.

●

## (૨૩)

## ❁ વ્યવહારુ ઉકેલ ❁

સાધુતા એ વૃત્તિ છે, વેશ નથી એવું રંગદાદા માનતા.
માણસે નિર્મળ મનના થવું જોઇએ.
બીજાનું ભલું કરવું જોઇએ.
આવી રીતે જીવનાર વ્યક્તિ વહેમ, શંકા કે અપશુકનમાં માનતો નથી.
ભગવાનનું હરેક કાર્ય માનવીના ભલા માટે જ હોય છે એવી પૂ.શ્રીની અડગ શ્રદ્ધા.
કર્મયોગી થવું એ ખૂબી છે પણ કર્મઠ થવું એ ખામી છે.
પૂ.શ્રી અવધૂતજી કર્મયોગી હતા, વ્યવહારુ ઉકેલ બતાવનારા હતા.

**પ્રેમનો સ્પર્શ થતાં જ વ્યક્તિ કવિ બને છે.**

મણિભાઈ બેરિસ્ટર નામના એક ભક્ત.
આફ્રિકામાં કંપાલા શહેરમાં રહે.
પૂ.શ્રીમાં અડગ શ્રદ્ધા. પૂ.શ્રી જ એમનું સર્વસ્વ.
એક વાર પોતાના કુટુંબ સાથે ભારતમાં આવ્યા.
ભારત આવે એટલે નારેશ્વર પૂ.શ્રીના દર્શને તો જાય જ.
ડિસેમ્બર મહિનો શરૂ થઈ ગયેલો.
ધનાર્ક-મીનાર્ક બેસી ગયેલા.
સૂર્ય ધન રાશિમાં અને મીન રાશિમાં આવે એને ધનારક-મીનારક કહે.
ધાર્મિક માન્યતા એવી કે આ સમય દરમ્યાન શુભકાર્ય ન થાય.
મકર સંક્રાંતિ-ઉત્તરાયણ પછી જ શુભકાર્યો થાય.
ઉત્તરાયણ આવે એટલે સૂર્ય મકર રાશિમાં સંક્રમણ કરે એટલે એ પર્વને મકરસંક્રાંતિ પણ કહેવામાં આવે.
મણિભાઈ ભારત આવ્યા ત્યારે પોતાના પુત્રને જનોઈ-યજ્ઞોપવીત- આપવાનું વિચારીને આવેલા.
ઉત્તરાયણ પહેલાં- આફ્રિકા પાછા જવાના હતા.
હવે રૂઢિને સાચવવા જઈએ તો ક્યાં તો યજ્ઞોપવીત દીધા વિના જતા રહેવું પડે અથવા ભારતમાં થોડા દિવસ વધુ રોકાવવું પડે.

**પ્રેમ વિશ્વાસથી જન્મે છે.**

વધુ દિવસો રોકાવવાનું શક્ય ન હતું. શું કરવું?
મણિભાઈએ આ મૂંઝવણ પૂ.શ્રીને જણાવી.
આમ તો ચાલી આવતી રૂઢિનું મહત્ત્વ ખૂબ ગણાય.
શાસ્ત્ર અને રૂઢિ સામસામે આવે તો રૂઢિ પ્રમાણે જ વર્તવાનું રહે.
શાસ્ત્રાત્ રૂઢિ બલિયસી ।
શાસ્ત્ર કરતાં રૂઢિ વધુ બળવાન ગણાય.
વ્યવહારુ અવધૂતે સામી ઉત્તરાયણે યજ્ઞોપવીત આપવાની હા કહી.
પોષ સુદ બીજ એટલે કે નૃસિંહસરસ્વતી સ્વામીના જન્મ દિવસે મણિભાઈએ દીકરાને યજ્ઞોપવીત આપ્યું અને પછી ઉત્તરાયણ પહેલાં આફ્રિકા પાછા જતા રહ્યા.
સમય વર્તે સાવધાન થાય તે જ સમજુ અને ડાહ્યો.
પરિસ્થિતિને પામી જઈને વ્યવહારુ ઉકેલ શોધનારા આપણા રંગદાદા આવા વિરલ સંત હતા.
આપણે પણ વ્યવહારુ બનીએ.

●

**પ્રેમ દયાથી મૃત્યુ પામે છે.**

(૨૪)

## ભવિષ્યવાણી સાચી પડી

વડોદરા જિલ્લાનું ડભોઇ ગામ.

એ ગામમાં કમળાબેન મગનલાલ પંડ્યા રહે.

પૂ.શ્રીના ભકત.

અવાર નવાર દર્શન કરે.

એમની પડોશમાં એક વિદ્વાન બ્રાહ્મણ રહે.

નામ એનું છીતુભાઇ.

એમની પત્નીનું નામ કુંદનબેન.

એક દિવસ એ કુંદનબેન કમળાબેનને ઘરે ગયા.

એમની બહેનનો દિકરો ઘેરથી જતો રહ્યો હતો.

નામ એનું હરિપ્રસાદ રતનલાલ ત્રિવેદી.

સાધુ સંતોની સંગે ફરે છે એવું સાંભળેલું પણ ઘણા સમયથી સમાચાર ન હતા.

એટલે આ અંગે નારેશ્વર જઇ પૂ.શ્રીને પૂછવાનો વિચાર આવ્યો.

કુંદનબેન અને કમળાબેન નારેશ્વર આવ્યા.

સાંજે પૂ.શ્રી દર્શન આપે એટલે બંને જણાએ દર્શન કર્યા.

**વિશ્વાસ પ્રેમની પહેલી સીડી છે.**

પૂ.શ્રીને પગે લાગીને કુંદનબેને પ્રશ્ન રજૂ કર્યો: "બાપજી! મારી બેનનો દીકરો ઘરેથી જતો રહ્યો છે તેના કોઇ સમાચાર નથી તો તે ઘરે પાછો આવશે કે નહિ? અને આવશે તો ક્યારે આવશે?"

પૂ.શ્રી થોડીવાર કશું બોલ્યા નહિ.

પછી કહ્યું "એ તમારો ભાણો એક મહિના પછી પાછો આવશે પરંતુ ઘરે રહેશે નહિ. પાછો જતો રહેશે."

કુંદનબેન અને કમળાબેન ડભોઇ આવ્યા.

બરાબર એક મહિના પછી કોઇકે સમાચાર આપ્યા કે મેં હરિને ચાંદોદમાં જોયો.

અને તે ચાંદોદથી શુકદેવ વ્યાસ જાય છે.

ઘરનાં બધા વ્યાસ ક્ષેત્ર મળવા ગયા.

હરિ મળ્યો. એને બધાએ ડભોઇ આવવા જણાવ્યું.

એણે કહ્યું કે હું ડભોઇ આવીશ ખરો પણ વાઘનાથમાં ઉતરીશ. ઘેર નહિ આવું.

હરિ ડભોઇ આવ્યો ખરો પણ વાઘનાથમાં મુકામ કર્યો.

ઘરનાં લોકોએ ખૂબ આગ્રહ કર્યો એટલે ઘરે આવ્યો પણ થોડું રોકાઇને તરત જતો રહ્યો.

પૂ.શ્રીએ જેમ કહ્યું હતું તેમ જ બન્યું.

યોગી પુરુષની શક્તિનો પરચો મળ્યો.

●

**પ્રબળ વિશ્વાસ મહાન કાર્યોનો પિતા છે.**

# (૨૫)

## ❁ દિલીપનું દિલ રાજી કર્યું ❁

સને ૧૯૫૫-૧૯૫૬નું વર્ષ.
પૂ.શ્રીની આંખનો પડદો (Ratina) હટી ગયેલો ( Detache થયેલો).
રંગદાદા શસ્ત્રક્રિયા (Operation) તો કરાવે નહિ.
કોઈકે કહ્યું કે બાપજી! શસ્ત્રક્રિયા ના કરાવીએ તો દેખાતું બંધ થઈ જશે.
પૂ. બાપજીએ તરત જ કહ્યું કે મેં આજ સુધી જગત જોયું છે. એનાથી સંતોષ છે.
સુરદાસજી તો જન્મથી અંધ હતા.
એના કરતાં તો સારું છે ને!
ભગવાને મારી પાસે કામ કરાવવું હશે તો દૃષ્ટિ રાખશે.
ડૉકટરે સંપૂર્ણ આરામ લેવાની સલાહ આપી.
પૂ.શ્રી ઉનાળામાં ડુમસ આવ્યા.
એક-બે માસ માટે દરિયા કિનારે આરામ કરવા માટે પધાર્યા. ડુમસમાં લોકોની અવર જવર એકદમ ઓછી.
પૂ.શ્રી સવારે પાંચ વાગે ધ્યાનમાં બેસે.
આંખ ઉપર બને તેટલો પ્રકાશ ન આવે એ જોવાનું.

**વિશ્વાસ બધા જ વરદાનોનો આધાર છે.**

ડુમસના આ મુકામ દરમ્યાન હાલમાં અમેરિકા-લોસ એન્જલસમાં ડૉક્ટર તરીકે સેવા આપતા ડૉ. દિલીપભાઈ સાથે હતા.

એ સમયે એમની ઉંમર બાર-પંદર વર્ષની.

ફોટો પાડવાનો શોખ.

દિલીપભાઈને વિચાર આવ્યો કે પૂ. બાપજીનો ધ્યાનનો ફોટો લઉં.

પરંતુ પૂ.શ્રી તો સૂર્યોદય પહેલાં એકદમ આછા પ્રકાશમાં ધ્યાનમાં બેસે.

ફોટો પાડવો હોય તો Flashનો ઉપયોગ કરવો પડે.

પરંતુ એ Flashનો પ્રકાશ પૂ.શ્રીની આંખને નુકસાન પહોંચાડે તો?

એક દિવસ પોતાની ઇચ્છા પૂ.શ્રીને જણાવી.

પૂ. બાપજીએ તો તરત હા કહી દીધી.

દિલીપભાઈ તો રાજી રાજી થઈ ગયા.

એમણે ધ્યાનનો ફોટો લીધો. ફોટો સરસ આવ્યો.

એક નાના બાળકને રાજી રાખવા માટે પૂ.શ્રીએ આંખની ચિંતા કર્યા વગર હા કહી દીધી.

સરોવર, તરુવર, સંતજન અને મેઘ એ ચારે બીજાને માટે જ જીવતા હોય છે.

●

**વિશ્વાસ જીવનની શક્તિ છે.**

# ભજન

## ❁ ગુરુકૃપા હિ કેવલમ્ ❁

ગુરુકૃપા હિ કેવલં શિષ્યપરમમંગલમ્ ||ધ્રુ||

દેહબલં ગેહબલં વિત્તબલં ચિત્તબલમ્ |
તદ્વિના તુ સર્વબલં વિદ્ધ્યસારનિષ્ફલમ્ ||...ગુરુ.

સદ્‌ગુરું ચ બ્રહ્મ પરં વ્યકતમત્ર નૃતનુધરમ્ |
યઃ સ્મરેદ્ધિ તસ્ય વરં કિન્તુ સ્યાત્સુદુષ્કરમ્ ||...ગુરુ.

એકમુખોऽપિ સ હિ વિધિર્નો ચતુષ્કરોऽપિ હરિઃ |
વિના ત્રિનેત્રમત્ર હરો **રંગ**-નર્તકોऽપ્યચલમ્ ||...ગુરુ.

●

(અનુસંધાન ટાઈટલ પેજ ૪)

વાંછો તો સર્વકલ્યાણ વાંછો, માત્ર સ્વકલ્યાણ નહિ.

જુઓ તો પોતાના દોષ જુઓ.

ગાઓ તો બીજાના ગુણ ગાઓ.

ખાઓ તો સ્વકષ્ટાર્જિત ખાઓ.

મુખમાં અવિનાશી ભગવન્નામ, હાથે સર્વ મંગલકામ
ને હૈયે
હનુમાનશી અડગ હામ રાખી,
ધપ્યે જાઓ ! ધપ્યે જાઓ !!
વિજય તમારો છે ! વિજય તમારો છે !!

वैराणि प्रशमं यान्तु सौहार्दं वर्धतां मिथः ।
कलहा विलयं यान्तु भावयन्तु जना मिथः ॥

ૐ શાન્તિઃ ! શાન્તિઃ !! શાન્તિઃ !!!

જગત્સુહૃદ્
રંગ અવધૂત

# અમર આદેશ

॥ પરસ્પરદેવો ભવ ॥

એકબીજા તરફ દેવદૃષ્ટિથી જોતાં શીખો,
દાનવ દૃષ્ટિથી નહિ.
દરેક વ્યક્તિમાં રહેલા દેવત્વને-દૈવી અંશને પિછાનો.
અને
એક બીજાનું મંગલ ઈચ્છી જગતમાં માંગલ્ય વરસાવો !
વિચાર, વાણી અને વર્તનમાં એકતા આચરો.

એક બીજાને આશીર્વાદ આપો, અભિશાપ નહિ.
ભલું ઈચ્છો, ભૂંડું નહિ, રૂડું કરો, કૂડું નહિ !

એકબીજાના પોષક બનો, શોષક નહિ.
તારક બનો, મારક નહિ.
ઉપકારક બનો, અપકારક નહિ !
બોલો થોડું, કરો વધારે.

માથું ઠંડું રાખો, ગરમી હાથપગમાં પ્રગટાવો.
પ્રત્યેક પ્રતિ સહિષ્ણુતા કેળવો, વિદ્વિષતા નહિ !
બોલો તો સત્ય બોલો, અસત્ય નહિ.
કરો તો સત્કર્મ કરો, દુષ્કર્મ નહિ.

(અનુસંધાન ટાઈટલ પેજ ૩)